



# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનના ઈતિહાસની ઝાંખી.
# ( ૨૦૦૧ થી ૨૦૨૫ )



केयूराणि न भूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजा ।
वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥

# નિવેદન

હ્યુસ્ટન શહેર ગુજરાતીઓથી અને વિવિધ કલાના કસબીઓથી ધબક્તું છે. પોતપોતાની રુચિ અનુસાર જુદાજુદા પ્રકારનાં વર્તુળો સાથે મળીને પ્રવૃત્તિઓ કરતાં રહે છે. આવું એક નાનકડું વર્તુળ એટલે ગુજરાતી સાહિત્ય સરિતા. છેલ્લાં ૨૫ વર્ષથી કલાના કોઈ ને કોઈ રૂપે અહીં માતૃભાષાની સતત ઉજવણી થતી આવી છે. દર મહિનામાં એક વખત નિયમિત રીતે મળતી આ બેઠકે ઘણા ગુજરાતીઓની સર્જનશક્તિ ખીલવી છે અને વિક્સાવી છે. તેનો હેતુ જ એ છે કે, ગુજરાતી ભાષાને જીવંત રાખવી અને વિવિધ રૂપે વિક્સાવવી. કવિ શ્રી આદિલ મનસુરીથી માંડીને આશરે ૭૫ જેટલા સાહિત્યકારોની મુલાકાતે પણ મોટો ફાળો આમાં નોંધાવ્યો છે.

આ સાહિત્ય સરિતાના લગભગ ૨૦થી ૨૫ જેટલાં સર્જકો કવિતા રચે છે, વાર્તાઓ લખે છે, સંયુક્ત નવલકથાઓ ઘડે છે, નાટકો યોજે છે, સંગીત સર્જે છે, શેરાક્ષરી રમે છે, ઉજાણી કરે છે અને એ રીતે ગુજરાતી ભાષાને આદર સહિત વંદે છે. અવરોધોની વચ્ચે પણ એક સામૂહિક આનંદ માણે છે અને ગુજરાતને ધબકતું રાખે છે. વિદેશમાં રહીને અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષાનું અને માતૃભૂમિનું જતન, સંવર્ધન, વિસ્તાર અને વિકાસ એ જ મુખ્ય હેતુ છે.

ગુજરાતી સાહિત્ય સરિતાનો ઈતિહાસ દર્શાવતા પ્રથમ પુસ્તકમાં સપ્ટે. ૨૦૦૧ થી જૂન ૨૦૧૫ સુધીનું સચિત્ર આલેખન થયું છે. તેમાં સંસ્થાની સ્થાપના, પૂર્વભૂમિકા અને હેતુ,પાપા પગલી, સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિનો ક્રમિક ઈતિહાસ અને વિકાસ, સંસ્થાની મુલાકાતે આવી ચૂકેલા મહાનુભવોની યાદી–ફોટા સહિત (૨૦૦૧ થી ૨૦૧૫), સંસ્થાના સર્જકો, તેમનાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોનાં નામો, સંસ્થાનાં સહાયકો વગેરેનું સચિત્ર આલેખન કરવામાં આવ્યું છે.

તે પછી પાંચ વર્ષ પછી..દર મહિનાની નિયમિત મળતી બેઠકોની વિગતો  સંસ્થાની સાઈટ ગુજરાતી સાહિત્ય સરિતા,હ્યુસ્ટન (gujaratisahityasarita.org)પર ઉપલબ્ધ છે જ. ત્યારબાદ જ્યારે દ્વિદશાબ્દિ વર્ષ ચાલી રહ્યું હતું ત્યારે માર્ચ ૨૦૧૫થી  થતી રહેતી પ્રવૃત્તિઓ, મહેમાન લેખકો અને અન્ય સ્મરણીય ઘટનાઓનો સમાવેશ કરવાનું જરૂરી બન્યું હતું. તે સમયે એક અલગ વધારાનાં પાનાંઓની ફાઈલ તૈયાર કરી હતી.

શ્રી દીપકભાઈ ભટ્ટના નિવાસસ્થાનેથી શરૂ થયેલી આ સંસ્થાને હવે ૨૫ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે ત્યારે, ૨૫ વર્ષનું ઉલ્લેખનીય કામ આ પુસ્તકમાં એક દસ્તાવેજ તરીકે સમાવેશ કરવું જરૂરી લાગે છે. આશા છે, સંસ્થાના સૌ સભ્યો અને અન્ય સાહિત્યરસિક સુજ્ઞજનોને ગમશે અને નવી પેઢીને  જરૂરી અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડશે. સૌથી પ્રથમ શરૂઆત શુભેચ્છા સંદેશાઓથી કરી છે કે જે સંદેશાઓ અમને સાહિત્ય જગતના માનનીય સાહિત્યકારો તરફથી દ્વિદશાબ્દિ–વર્ષ (૨૦ વર્ષ) ટાણે સાંપડ્યા હતા.

# શુભેચ્છા સંદેશઃ

## પદ્મશ્રી સિતાંશુભાઈ યશશ્ચંદ્ર મહેતા તરફથીઃ

**Sitanshu Mehta** Sun, Sep 12 at 1:49 AM

આદરણીય દેવિકાબહેન અને 'સાહિત્ય સરિતા'નાં સહુ પ્રેમાળ સાથીઓ,

'સાહિત્ય સરિતા'–નાં નિજાનંદી પ્રવાહને વીસ વીસ વરસોથી તમે સભર અને નિર્મળ વહેતો રાખ્યો છે, એ તો ગુજરાતી સાહિત્યને ચાહનારાં સહુ માટે આનંદની ઘટના છે. એ બદલ તમને સહુને અભિનંદન અને શુભેચ્છા. અર્ધશતકના આગલા ઓવારા સુધી તમારી સાહિત્ય સરિતાનાં જળ સભર વહેતાં રહે, એ જો કે સહેલું કામ નથી. તે છતાં (બલ્કે તેથી જ), તમારી એ માટેની શક્તિ અને કુનેહમાં વિશ્વાસ સાથે, તમને સર્વ શુભેચ્છા અને આગોતરા આયોજનોમાં સહકારનો કૉલ.

આફ્રિકા, ઇંગ્લેન્ડ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુરોપ અને એશિયાના અનેક દેશોમાં કાયમી વસનારાં ભારતીય મૂળનાં સ્વજનોની હવે તો સૈકાઓ લાંબી જીવનસાધના આદર પ્રેરે એવી બની છે. પોતાનાં વિવિધ નવાં વતનનાં મુક્ત આકાશોમાં ખીલવા–ઊડવાની સાથોસાથ પોતાના મૂળ વતન સાથેનો ધરમૂળનો નાતો કાયમ રાખવાનું કામ, પોતપોતાની લગનીથી અને સૂઝસમજથી પોતપોતાની રીતે સહુએ કરી બતાવ્યું છે. એ કામને બિરદાવવાનું અને સાથોસાથ એનું સેલ્ફ–ઑડિટ કરવાનું કામ, બન્ને જરૂરી છે.

'સાહિત્ય સરિતા'નું કામ જોઈ લાભશંકર ઠાકરની પેલી પંક્તિઓ યાદ આવે છેઃ 'વાગીશ્વરીના નેત્રસરોવરમાંથી ખોબોક પાણી પી ફરી કામે વળગી જતા મારા વિપ્લવખોર મિત્રો, અવાજને ખોદી શકાતો નથી અને ઊંચકી શકાતું નથી મૌન.' કવિતાનું એ સરોવર, સાહિત્યની આ સરિતા, એમને પેઢી–દર–પેઢી, વીસ, પચાસ, સો વરસો સુધી સભર્યાં રાખવા એ જે–તે કામ નથી. તમે બબ્બે દશકો સુધી એ કરી બતાવ્યું છે. તમારી એ શક્તિ, લગની, ખંત બદલ અભિનંદન.

1958માં જન્મેલો અફઘાન કવિ મોહમ્મદ અફ્સર રાહબીન કહે છેઃ '**I am a poemland.**'. પોતાની માતૃભાષાની કવિતાની સરજમીન, એ એક જ ભૂમિ, એક જ દેશ એને માટે બચ્યો છે. આપ સહુને તો બબ્બે સમૃદ્ધ વતનની સાહ્યબી છે! એનો લાભ તમને સહુને પૂરો મળે! પોતાની ગુજરાતી રચનાઓમાં પોતાની સ્વકીય લાગણીઓને અભિવ્યક્ત કરવાનો આનંદ જે–તે નથી. એ જરૂર માણો. એ સાથે બીજાં અનેક કવયિત્રી–કવિઓનાં અદ્‌ભુત કાવ્યો, તમારા મૂળ વતનમાં જ નહીં, તમારા નવા વતનમાં પણ લખાયાં છે અને લખાય છે, એનો શક્તિપ્રદ આસ્વાદ લેતાં રહેશો. વાલ્મીકિ અને હોમર, કાલિદાસ અને દાન્તે, અરે એલિયટ, ઑડેન, લોર્કા અને પાબ્લો નેરૂદા, તેમ જ અરુણ કોલાટકર, લાભશંકર ઠાકર, કે. સચ્ચિદાનંદન અને સુનીલ ગંગોપાધ્યાય –– એક વાર એમનો સ્વાદ લેતાં આવડ્યું પછી મૂકવાનું મન ન થાય એવા એ સહુ સર્વકાલીન અને સમકાલીન સર્જકો છે! તમારી આસપાસનાં રળિયામણી લાયબ્રેરીઓમાં દુનિયાભરનું સાહિત્ય અનુવાદ રૂપે હાથવગું છે, એને પણ યથાવકાશ માણતાં રહેશો, એ આશાભરી શુભેચ્છા.

ફરી, વીતેલાં બે દશકોમાં તમે માણેલી સાહિત્યના આનંદની ઉજાણી બદલ અભિનંદન અને એ ઉજાણીના અર્ધશતક દરમ્યાન હ્યુસ્ટનની ‘સાહિત્ય સરિતા’ને તટે, નવી નવી વાનગીઓ ઉમેરાતી જાય, માટે શુભેચ્છા.

સ્નેહવંદન,

સિતાંશુ યશશ્ચન્દ્ર.

## કવિ શ્રી અદમ ટંકારવી તરફથી..

**Sat, Sep 4**

ગુજરાતી સાહિત્ય સરિતાના સર્જકમિત્રો,

હ્યુસ્ટનમાં બે દાયકાથી સાહિત્ય સરિતામાં તમે સૌ સર્જનનૌકા તરાવો છો તે માટે અભિનંદન.

શ્રી નટવર ગાંધીના મેટાફરમાં કહીએ તો આ નાયગ્રામાં નૌકા તરાવવા જેવી પ્રવૃત્તિ છે.

તમારી ભાષાપ્રીતિ એ જ પ્રેરકબળ. હું એનો સાક્ષી. બે વાર સાહિત્ય સરિતાના કાર્યક્રમોમાં સહભાગી થવાની મને તક મળી ત્યારે આપ સૌની નિસબતનો અનુભવ થયેલો. સહિયારા પ્રયાસોથી તમે જે વાતાવરણ સર્જ્યું છે તે સાહિત્યસર્જન માટે પોષક છે. બે દાયકાના ઓચ્છવ ટાણે શુભેચ્છા.

અદમ ટંકારવી

## શ્રી અહમદ ગુલ UK. તરફથી.

**Fri, Sep 3 at 12:30 PM**

**Congratulations for organizing such a wonderful event. I wish & pray for**

**a great success.**

**Kind Regards.**

**Ahmad Lunat ‘Gul’..Chair; Gujarati Writers Forum, Batley U.K.**

## કવિ શ્રી અનિલ ચાવડા તરફથી..

## From: Anil Chavda Wed, Sep 8

વિદેશી ભૂમિ પર વહેતી સ્વદેશી સરિતાને શુભકામના.

ગુજરાતી વિચરતી પ્રજા છે. સદીઓથી આ પ્રજા વ્યાપારાર્થે દેશ–વિદેશમાં પ્રવાસનો કરતી રહી છે. વિશ્વનો ભાગ્યે જ કોઈ એવો દેશ હશે, જ્યાં ગુજરાતી ન હોય. ગુજરાતી જ્યાં જાય ત્યાં ગુર્જરભૂમિનું ભાથું સાથે લેતો જાય. આજે અમેરિકામાં લાખો ગુજરાતીઓ વસે છે. ગુજરાતી પ્રજા ભલે માભોમ છોડીને વિદેશ સ્થાયી થઈ, પણ તેમણે પોતાની ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યને છોડ્યાં નથી. જ્યાં ગયાં ત્યાં પોતાનું ગુજરાતીપણું લેતાં ગયાં. ખબરદારે કહ્યું છે તેમ, 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત!' હ્યુસ્ટન સાહિત્ય સરિતા તેનું જીવંત ઉદાહરણ છે. એક નાનકડી ઘરઘરાઉ બેઠકમાંથી પ્રગટેલો સાહિત્યનો દીવડો આજે સમગ્ર હ્યુસ્ટનની ગુજરાતી પ્રજાના હૈયામાં અજવાળું પાથરી રહ્યો છે તે કેટલા આનંદની વાત છે. આ જ તો આપણો સાહિત્યપ્રેમ છે, આ જ તો આપણો ભાષાપ્રેમ છે. રાતદિવસ વિદેશી ભાષામાં રાચ્યા પછી પણ આત્માનું અજવાળું તો આપણે પોતાની નિજી વાણીમાંથી જ મેળવીએ છીએ. હ્યુસ્ટન સાહિત્ય સરિતાએ આવું નિજી વાણીનું નાણું એકઠું કર્યું છે તે માટે તે ખરેખર ખૂબ ધન્યવાદને પાત્ર છે.

ભારતથી આવતા અનેક સાહિત્યકારો પોતાની કલાની સુગંધ અહીં પીરસી ચૂક્યા છે. આ તક મને બબ્બે વખત સાંપડી છે તે માટે હું મને સદભાગી માનું છું. હ્યુસ્ટન સાહિત્ય સરિતાના સભ્યો શ્રી દેવિકા ધ્રુવ, સતીશ પરીખ તથા અન્ય તમામ મિત્રો પોતાના ખંત અને ખમીરથી ગુજરાતીપણું સતત જીવંત રાખી રહ્યાં છે. તેમનાં આ પ્રયાસની ઉંમર જોતજોતાંમાં વીસ વર્ષની થઈ ગઈ. સાહિત્ય સરિતા અત્યારે તેની યુવાનીમાં છે એમ કહેવું જરાય ખોટું નથી. તેની આ મુગ્ધતા, સાહિત્યિક જુસ્સો અને જોમ હરહંમેશ ટકી રહે તેવી પ્રભુપ્રાર્થના કરું છું. ઈશ્વરને પ્રાર્થના કે આ સરિતાનાં જળ કદી ન સૂકાય અને નિરંતર તેના અમૃતથી સૌને પાવન કરતાં રહે.

સાહિત્ય સરિતાના તમામ સભ્યોને, હ્યુસ્ટનવાસીઓને ગુજરાતી ગૌરવ મુઠ્ઠી ઊંચેરું બનાવવા માટે દિલથી શુભકામનાઓ પાઠવું છું.

– અનિલ ચાવડા, અમદાવાદ

## કવિ શ્રી અશરફ ડબાવાલા તરફથી..

**Asharaf Dabawala** **Wed, Sep 8**

**સંદેશ એક સરિતાને, જે વહે છે સતત...**

કોઈ પણ સંસ્કૃતિનું કેન્દ્ર એની ભાષા છે, અને સાહિત્ય એ સંસ્કૃતિના લોકો દ્વારા જીવાતા જીવનનું પ્રતિબિંબ છે. એટલે ભાષા અને સાહિત્ય બંને સંસ્કૃતિના મહત્ત્વનાં પાસાં છે. હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા છેલ્લાં વીસ વર્ષથી ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રચાર અને પ્રસાર માટે નિઃસ્વાર્થ ભાવનાથી સફળતાપૂર્વક કાર્યરત છે એ વાતનો ખૂબ જ રાજીપો છે. શિકાગો આર્ટ સર્કલ વતી અને વ્યક્તિગત રીતે મારા તરફથી ગુજરાતી સાહિત્ય સરિતાને અભિનંદન અને શુભેચ્છા સાથે,

----અશરફ ડબાવાલા, શિકાગો

## ડો.દિનેશ શાહ,ફ્લોરીડા તરફથી..

**Dr. Dinesh shah** **Tue, Sep 7 at 4:53 PM**

સાહિત્ય સરિતાના વીસ વર્ષ ની શુભજયંતિ ના ઉજવણી પ્રસંગે આપ સૌને આનંદ સહિત શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું. સાહિત્ય સરિતાની પ્રગતિ ઉત્તરોઉત્તર વધતી રહે તેવી શુભેચ્છા. આ પ્રસંગે એક નાની સરખી ભેટ આપ સૌને મોકલું છું. આ કવિતા મેં ગુજરાતી લિટરરી એકેડેમીની સ્થાપના પ્રસંગે મોકલેલી.

" વરસાદને હું ઝંખતો જોઈને નાની વાદળી  
ધન્ય છે અજાણ મિત્રો સ્થાપવા આ અકાદમી.  
માળીઓ આ બાગના એક દિન ચાલી જશે.  
ખાતર પાણી નાખનારા એક દિન ભુલાઈ જશે.  
ફળો મીઠાં આવશે ત્યારે બીજ વાવનાર ભુલાઈ જશે  
પાણી પીશે થાક્યો મુસાફર કૂવો ખોદનાર ભુલાઈ જશે.  
વર્ષો વહી જશે અને આ દિન ઘડી ભુલાઈ જશે.  
ફક્ત સાહિત્યના કંઈ ફૂલોની સુવાસ ફેલાતી હશે.  
આપું અંતરથી શુભેચ્છા તવ પાથ પથરાતી જશે.  
આ નવભૂમિ નવી ચોપડી ગીતોથી ઉભરાતી જશે.

ફરીથી ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છા સહીત ,  
દિનેશ ઓ. શાહ , શાંતિ નિકેતન 2, ટવારીસ, ફ્લોરિડા, યુ.એસ.એ.

## ડો. જનકભાઈ શાહ        ૧૪/૦૯/૨૦૨૧

દેવિકાબહેનનો ઈમેલ મળ્યો. મને યાદ કર્યો તે બદલ દિલથી આભાર. આપ સૌને આશીર્વાદ આપવા માટે કદાચ હું નાનો પડું પણ શુભેચ્છા હૃદયથી આપી શકું. હું કોઈ મોટો સાહિત્યકાર નથી પણ હું સાહિત્ય અને સાહિત્યકારના સર્જન માટે જે કાંઈ વિચારતો હોઉં તે આપ સમક્ષ અભિવ્યક્ત કરી શકું. મને આશા છે કે આપ સૌને મારી વાત ગમશે.

આપની પ્રવૃતિના સાક્ષી બનવાનું મને બે વખત સદભાગ્ય મળ્યું છે. વળી મારા પ્રત્યેની આપ સૌની લાગણીને મસ્તકે ચડાવું છું. આપ સહુ હ્યુસ્ટનમાં દર મહિને પદ, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિની લાલસા રાખ્યા વગર સાહિત્યની બેઠક ગોઠવીને પરદેશમાં પણ ગુજરાતી સાહિત્યને જીવંત રાખવા જે પ્રયત્ન કરો છો તે વંદનીય છે. સર્જકોને આપ આ બેઠકોમાં પ્રોત્સાહન તો આપો છો પણ સાથે સાથે આત્મવિશ્વાસ પણ વધારો છો. ભારતભરમાંથી હ્યુસ્ટન આવતા અને ખાસ કરીને ગુજરાતમાંથી આવતા સાહિત્યકારોને આપની બેઠકોમાં ભાવપૂર્વક  નિમંત્રણ આપી બોલાવો છો અને સન્માન પણ કરો છો. તેમની સાહિત્ય કૃતિઓનો પરિચય આપી તેમનું વક્તવ્ય પણ ગોઠવો છો તે અત્યંત સરાહનીય બાબત છે. તે માટે ખોબલે ખોબલે અભિનંદન.

ગુજરાતી સાહિત્ય સરિતાને ૨૦ વર્ષ પૂરા થાય છે ત્યારે હું પણ હર્ષની લાગણી અનુભવું છું`. આપના આનંદનો સહભાગી બનવાની તક આપી તે બદલ ખૂબ ખૂબ આભાર. ગુજરાતી સાહિત્યને જીવંત રાખવાના આપના ઉલ્લાસભેર પ્રયત્ન માટે  દિલથી અભિનંદન. હ્યુસ્ટનમાં રહેતો દરેક ગુજરાતી, ગુજરાતી સાહિત્ય સરિતાનો સભ્ય બની આપણી ગુજરાતીને ત્યાં જીવંત રાખવા માટે કૃતનિશ્ચયી બની આપણને વારસામાં મળેલ શ્રેષ્ઠ ગુજરાતી સાહિત્યનો આપ સૌના થકી પરિચય મેળવે તેવી અભ્યર્થના અને આશા. એક અપેક્ષા છે. જેની માતૃભાષા અંગ્રેજી છે પણ તેમનું મૂળ ગુજરાતી છે; તેઓ આપણાં શ્રેષ્ઠ વારસાનો અંગ્રેજીમાં આપના થકી આસ્વાદ મેળવે અને જેઓ ગુજરાતી છે તેઓ શ્રેષ્ઠ અંગ્રેજી સાહિત્યનો ગુજરાતીમાં આસ્વાદ મેળવે તેવો પ્રયત્ન પણ ગુજરાતી સાહિત્ય સરિતા દ્વારા આ બેઠકોમાં થશે તો સોનામાં સુગંધ ભળશે.

ફરી એકવાર અમે બન્ને ગુજરાતી સાહિત્ય સરિતાનાં પૂરા થતાં ૨૦ વર્ષની ઉલ્લાસભેર આનંદની ઉજવણી માટે સૌ સભ્યો શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ અને સફળતા ઈચ્છીએ છીએ.
જનકભાઈના સ્નેહવંદન સાથે જયજિનેંદ્ર.

## શ્રી કૃષ્ણકાંત ઉનડકટ Wed, Sep 8 at 7:46 AM

સ્નેહીશ્રી દેવિકાબહેન અને સાહિત્ય સરિતાના સૌ મિત્રો,
સાહિત્ય સરિતાએ બે દાયકા પૂરા કર્યા અને હજુ આ સરિતાનો પ્રવાહ ધસમસી રહ્યો છે એ ખુશીની વાત છે. સાત સમંદર પાર આપ સહુએ ગુજરાતી ભાષાની જીવતી જ નહીં પણ ધબકતી રાખી છે. અમેરિકાની સંસ્કૃતિ અલગ છે, પરંપરાઓ અલગ છે, એના કારણે આચાર અને વિચાર પણ અલગ રહેવાના છે. એ વાતાવરણ આપ સહુના ગુજરાતી સાહિત્ય સર્જનમાં દેખાય છે અને જીવાય છે.
કોરોનાના કપરા કાળમાં પણ આપ સહુએ સાહિત્યની આ સરિતાને સુકાવવા દીધી નહોતી અને ઝૂમના માધ્યમથી વહેતી રાખી હતી એ મજાની ઘટના છે.

સાહિત્ય સરિતા અને તેની સાથે જોડાયેલા તમામ મિત્રોને અભિનંદન પાઠવું છું. આપણી ભાષાને જીવતી રાખવાના તમારા પ્રયાસોને બિરદાવું છું. અમને તમારું ગૌરવ છે. ભવિષ્યમાં પણ આપ સહુએ આદરેલો યજ્ઞ અવિરત ચાલતો રહે એવી ખૂબ શુભકામનાઓ.

–કૃષ્ણકાંત ઉનડકટ,
લેખક/પત્રકાર,
અમદાવાદ.

## શ્રી કનુભાઈ સૂચક Tue, Sep 7 at 2:41 PM

અભિનંદન.
ગુજરાતી સાહિત્ય સરિતા સંસ્થાના શુભકાર્યકાળને ૨૦ વર્ષ પૂરાં થાય છે એ દીર્ઘકાલ ખરેખર પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે. કોઈ પણ સંસ્થા શુદ્ધ, ઉચ્ચ અને નિ:સ્વાર્થ સેવાના ઉદ્દેશ સાથે કાર્યરત હોય તો પણ તેમાં તે ધ્યેયમાં માનનારાં અને રસ ધરાવનારાં ઉત્સાહી કાર્યકરો અને સંચાલકો હોય તો જ સફળતા મળે. પ્રવૃત્તિ સારી હોય તો રસ લેતા સભ્યો મળે જ. સંસ્થા, તેના કાર્યકરો, સંચાલકો અને સભ્યો બધાં જ અભિનંદનને પાત્ર છે. ગુજરાતી સાહિત્ય સરિતાને વધુ કાર્યરત વર્ષોની શુભેચ્છા સહિત,
સવિનય,
કનુભાઈ સૂચક મુંબાઈ. (સાહિત્ય સંસદ)

## કવિ શ્રી મુકેશ જોશી Fri, Sep 3 at 8:09 AM

પ્રિય દેવિકાબહેન,
અમેરિકામાં રહીને તમે સહુ સાહિત્યની પ્રવૃત્તિ કરો છો એ જ નવાઈ છે અને ખુશી પણ. વ્યસ્ત જીવન, શ્રોતાઓનો અભાવ, સાહિત્યનુ વાતાવરણ .. આ બધું ન હોવા છતાં તમે સમય કાઢો છો.. લોકો સુધી જાઓ છો અને સાહિત્યનું વાતાવરણ ઉભું કરવા પ્રયાસો કરો છો એને સલામ છે.

આપ સહુ આમ જ આપણા સાહિત્યને જીવંત રાખો એવી શુભેચ્છા.. સહુ સ્વસ્થ રહે અને મસ્ત રહે એવી પ્રભુ પ્રાર્થના.

———મુકેશ જોશી

## ગુર્જરી ડાયજેસ્ટ તરફથી..GURJARI PUBLICATION, INC.

[NON-PROFIT TAX-EXEMPT ORGANIZATION UNDER IRS CODE 501(C) (3)]
EDITOR/PUBLISHER: KISHORE D. DESAI 130 LATTICE LANE, COLLEGEVILLE, PA 19426
DATE: SEPTEMBER 10, 2021

હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની પ્રવૃત્તિને ૨૦ વર્ષ થાય છે તે જાણીને આનંદની લાગણી અનુભવું છું. ગુજરાતીમાં આપણે કહેતા હોઈએ છીએ કે "આરંભે શુરા" પરંતુ, તમે – ગુજરાતી સાહિત્ય સરિતાના સભ્યો – આરંભે જેવા શુરા હતા તેવા જ આજે પણ છો. આ તમારા સૌની ગુજરાતી ભાષા સાહિત્ય પ્રત્યેની મમતા અને તમારો ઉત્સાહ બતાવે છે. જ્યાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ છે એવા વિદેશના આપણા વસવાટ વચ્ચે રહીને આપણી માતૃભાષાની જાળવણી કરવાનું કામ દુષ્કર હોય છે. આવી સ્થિતિમાં તમે સૌ નિયમિત ભેગા મળો છો અને તમારી સાહિત્ય સર્જનની પ્રવૃત્તિને વેગ આપી વિકસાવતા રહો છો એ પ્રસંશનીય છે. તમારી આ પ્રવૃત્તિ વણથંભી ચાલુ રહો એવી શુભેચ્છા પાઠવું છું.

લિ. કિશોર દેસાઈના વંદન

## ડો. મહેશ રાવલ..   Tue, Sep 7 at 2:32 PM

માતૃભાષા ગુજરાતીના પ્રચાર અને પ્રસાર માટે કાર્યરત ગુજરાતી સાહિત્ય સરિતા–હ્યુસ્ટન, આ વર્ષે ૨૧માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે...
સાહિત્યની ખેવના અને સૌને સાથે રાખીને,ઉત્તમ સાહિત્યનું જતન અને સિંચન કરી રહી છે એ સરાહનીય "યજ્ઞ કર્મ"ને, ગઝલ પૂર્વક વંદન પાઠવું છું. સાથે–સાથે ઉત્તરોત્તર વ્યાપ વધે અને અનેકગણી નામના,યશ,પ્રતિષ્ઠા,અને કીર્તિમાન પ્રાપ્ત કરે,એવી શુભકામના પાઠવું છું.

અલગ અલગ સમયે,હ્યુસ્ટન સાહિત્ય સરિતાના મંચ પરથી મને ત્રણેક વખત મારી ગઝલો પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય પ્રદાન કરવા બદલ,એનો પણ આ તકે આભાર અને ગૌરવની લાગણી સાથે આભાર વ્યક્ત કરું છું.સંસ્થાએ આયોજન કરેલ દરેક કાર્યક્રમમાં પ્રસ્તુત,જે તે કવિઓ અને ગઝલકારોની એકેક રચનાને બહુ જ બારીકાઇથી અને રસપૂર્વક માણી,યથોચિત કદરદાન પ્રતિભાવ પાઠવવાનો "ભાવસભર" અભિગમ દાખવનાર,સહુ સભ્યશ્રીઓની "ભાવના"ને બિરદાવું છું.

આપણી આ સંસ્થા, સતત અને અવિરત ઉચ્ચ સ્તરીય સ્તરને વરે એવી અભ્યર્થના.

સહુ મિત્રો,વડીલો, અને ભાવકોની લાગણીને,મારા આ શેર દ્વારા આદરપૂર્વક વધાવું છું, કે...

તમારી હર દુઆઓ, બદદુઆથી બાદ રાખે છે
તમારાથી વધારે, કોણ અમને યાદ રાખે છે !

– ડૉ.મહેશ રાવલ   સૅન રૅમોન,   કેલિફોર્નિયા –યુ.એસ.એ.

## વાર્તાકાર નીલમ દોશી..                સપ્ટે. ૮,૨૦૨૧

હજુ તો ગઈ કાલની વાત.. આજે જાણે સ્મરણોની સોગાદ .

ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટન .. આ શબ્દ સાથે જ અનેક મીઠાં સંભારણાઓ ભીતરમાં ઘૂઘવાટા કરી ઉઠયા. ભીતર સૂતેલાં સ્મરણ પંખીએ જાણે પાંખો ફફડાવી અને એકસાથે અનેક સ્મૃતિઓ હાઉકલી કરી ઊઠી. અને ભીતરમાં.. કયાંક વાંચેલી કોઈ પંક્તિ પડઘાય છે.
"વહી ગયેલ કો ક્ષણ ઓગળે, ભીતર ભીનાં સ્મરણ ઓગળે."

સમુદ્રપાર વસતાં અનેક ગુજરાતીઓ પોતાની માતૃભાષાને જીવંત રાખવા સનિષ્ઠ પ્રયાસો કરતા રહે છે અને એ દ્વારા પોતાનાં મૂળિયાંને લીલાછમ્મ રાખે છે. માતૃભૂમિ અને માતૃભાષા સાથે જોડાયેલા આવા અનેક ગુજરાતીઓનાં મજાના સપનાનું સુંદર પરિણામ એટલે હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતા. ૨૦૦૧માં નાનકડું બીજ રોપાયું અને આજે એના યૌવનકાળમાં પ્રવેશીને અનેકવિધ પ્રવૃતિઓથી અવિરત ધમધમી રહ્યું છે. અહી આવીને પોતાની સ્વરચિત કૃતિઓનું વાંચન કરીને, સંતોષ અને માર્ગદર્શન સાથે પા પા પગલી પાડતા સર્જકોએ આજે સાહિત્ય જગતમાં ખાસ્સું કાઠું કાઢ્યું છે એનો આનંદ છે. એ નિમિત્તે આટઆટલા સર્જકો નિયમિત લખતા થયા છે એનો યશ નિ:શંક પણે સાહિત્ય સરિતાને ફાળે જાય એવું મને લાગ્યું છે.

મને તો સાહિત્ય સરિતા મારી માતૃસંસ્થા હોય એવું જ આજ સુધી લાગ્યું છે. અહી બધાની વચ્ચે મારી કૃતિઓનું પઠન કરવાનો લહાવો પણ મને મળ્યો છે. એમના સ્નેહે હું વિદેશમાં પણ મારે પિયર આવી હોઉં એવો અહેસાસ મને કરાવ્યો છે એ કેમ વિસરાય ? એ સ્નેહ તો અંતરની છીપમાં આજે પણ અકબંધ સચવાયેલો છે.

વિજયભાઈ શાહ, વિશ્વદીપભાઈ બારડ, દેવિકાબહેન ધ્રુવ, પ્રવીણાબહેન કડકિયા, શૈલાબહેન અને પ્રશાંત ભાઈ મુન્શા, ઇન્દુબહેન અને રમેશભાઈ શાહ, સરયુબહેન પરીખ,ચીમનભાઈ પટેલ..આ અને આવાં તો અનેક નામો..જેમના સ્મરણોની સુવાસ આજે પણ ભૂલી નથી શકાઈ. એ સૌને આ મજાના અવસરે યાદ કરતા આનંદ અનુભવાય છે.

વીસ વરસ સુધી આવી કોઈ પ્રવૃત્તિ સતત ચલાવવી એ કઈ નાનીસૂની વાત હરગીઝ નથી. એ સૌને દિલથી સલામ..વીસ વર્ષોથી આ સુંદર કાર્ય અવિરત ચાલુ રહ્યું છે એ જ બતાવે છે કે અહી કોઈને પદ, પ્રતિષ્ઠા કે પ્રસિધ્ધિ કે એવા કોઈ જ સ્વાર્થની લાલચ કે મોહ નથી. અહી તો છે માતૃભાષાને જીવંત રાખવાની, એની સાથે જોડાયેલા રહેવાની ભાવના.

આ સંસ્થા અવિરત ચાલતી રહે અને ચાલતી રહેશે એ શ્રદ્ધા અને શુભકામનાઓ શબ્દો સાથે કે શબ્દો વિના પણ સતત સાથે જ હોવાની. સૌ સભ્યોને દિલથી અભિનંદન અને અવિરત, ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે એવી મંગલ ભાવના સાથે અસ્તુ.

સૌને સાદર વંદન.. પ્રણામ..    નીલમ દોશી.

## વિશ્વપ્રવાસિની પ્રીતિ સેનગુપ્તા..   Tue, Sep 7 at 4:40 PM

હ્યુસ્ટન નગરમાંની "ગુજરાતી સાહિત્ય સરિતા" નાં સર્વ સભ્યોને અભિનંદન . ભાષા અને સાહિત્ય વિષેનું કામ શરૂ કરવાની ઈચ્છા થાય, તે આનંદદાયક બાબત ગણાય. એ અંગે પ્રયત્નો તેમજ અનેકવિધ કાર્યક્રમો થતા રહે, અને તે પણ આટઆટલાં વર્ષો સુધી સતત, એ હકીકત તો સાચે જ પ્રશંસાને પાત્ર છે . "સાહિત્ય સરિતા" તરફથી નિયમિત રીતે સ્થાનિક તથા ગુજરાતથી આવતા સર્જકોનું કાવ્ય–પઠન રજૂ થતું રહે છે, તે જાણ હવે અહીં તેમજ ગુજરાતમાં થઇ ગઈ છે. આ જ રીતે, આવનારાં વર્ષોમાં પણ સક્રીય રીતે કામ થતું રહે , અને ભાષાની શુદ્ધિનો આગ્રહ ક્યારેય શિથિલ ના થાય, તેવી શુભેચ્છા છે .

----------પ્રીતિ સેનગુપ્તા , ન્યૂયોર્ક

## કવિ શ્રી પંચમ શુક્લ તરફથી U.K. Tue, Sep 7 at 11:32 AM

દેવિકાબહેન ,

ગુજરાતી સાહિત્ય સરિતાને ૨૦મી ઉજવણીની શુભેચ્છાઓ.

સસ્નેહ વંદન,

---

## કવિ શ્રી રઈશ મનીઆર તરફથીઃ

**ami raeesh   Wed, Sep 8 at 11:12 PM**

સદાય વહેતી સરિતા..

હ્યુસ્ટન સાહિત્યસરિતાના તમામ સર્જકો સાથે ઘરોબો છે. વખતોવખત અલગ અલગ રીતે સહુને મળવાનું થયું છે. સ્વદેશેય આટલી નિષ્ઠાથી કામ કરતા સર્જકોનું જૂથ મળવું મુશ્કેલ છે ત્યારે વિદેશની વિપરિત આબોહવામાં તમે માતૃભાષાના છોડને કરમાવા દીધો નથી, બલકે એ પાંગરીને આજે 20 વરસની વયનો ઘટાદાર છાંયડો બની ગયો છે ત્યારે મને અપાર આનંદ થાય છે. આવું નિયમિત પ્રવૃત્તિ કરતું સંગઠન, સંસ્થા બની ગંઠાઈ જવાને વહેતું રહ્યું છે કેમ કે એ આખરે તો સરિતા છે. વહીવટકારો કે પદાધિકારીઓ નહીં પણ સર્જકો એનો પ્રાણ છે. એટલે આ સરિતા સદાય વહેતી રહેશે એની મને શ્રદ્ધા છે. પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિની બહુ ખેવના વગર માત્ર પ્રક્રિયામાં તલ્લીન રહીને રસ મેળવવો એ તો સ્વદેશે ઘણા લોકોએ શીખવાનું બાકી છે, એ સત્ય તમે સહુ પચાવીને બેઠા છો.

તમારા જીવનનો સાત્વિક આનંદ તમને શબ્દોના સંગાથથી મળે છે એ ખરેખર સરસ્વતીની કૃપા છે. અમેરિકા જેવા દેશમાં રહેવું એટલે 'લક્ષ્મીના આશીર્વાદ છે' એ અતિપ્રચલિત ધારણાની સામે, આપે સાકાર કર્યું છે કે આપની સાથે સરસ્વતીના પણ આશીર્વાદ છે.
20મી વર્ષગાંઠે મારી શુભેચ્છાઓ સ્વીકારશો.

રઈશ મનીઆર, સુરત

## કવિ શ્રી શોભિત દેસાઈ... Fri, Sep 3 at 9:18 AM

ઓહો ... હું તમારા આખા ગ્રુપને May ૨૦૧૭માં રુબરુ મળ્યો છું . એ સાંજનો તમારા બધાનો જુસ્સો , ગુજરાતી ભાષાની ગરિમા સાચવવાની લગની અને તમે સીનીયર સીટીઝન્સની સરેરાશ ઉમ્મરવાળા સૌએ મારી રચનાઓને આપેલો જુવાનજોધ પ્રતિસાદ અવિસ્મરણિય છે .
ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા 👏
**SHOBHIT DESAI**

## ગઝલકાર શ્રી સુરેશ ઝવેરી તરફથી વોટ્સએપ સંદેશ

પ્રતિ :હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતા,

આ મહિને હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાને ૨૦ વર્ષ પૂરા થશે એ શુભ પ્રસંગે આપના તમામ હોદ્દેદારો અને સાહિત્યરસિક સભ્યોને મારી હાર્દિક શુભેચ્છાઓ.
૨૦૦૧થી તમારી બેઠક શહેરમાં નિયમિત રીતે મળતી આવી છે એ આનંદની વાત છે. ૨૦૦મી બેઠકમાં મને હાજર રહેવાનો મોકો મળેલો અને એમાં બધાનો સાથ સહકાર તથા પ્રેમ મળેલો તે હજી મને યાદ છે.
હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતાની પ્રવૃત્તિનો ઉત્તરોત્તર વિકાસ થાય અને નવા નવા શિખરો પ્રાપ્ત કરે એવી આશા,અપેક્ષા અને આકાંક્ષા સાથે મુંબઈથી સુરેશ ઝવેરીના પ્રણામ.
તા ૫મી સપ્ટેમ્બર ૨૦૨૧.

## સાહિત્યકાર શ્રી સુમન શાહ તરફથી..
## ( સપ્ટેમ્બર ૩, ૨૦૧૨ : યુ એસ એ )

સ્નેહીશ્રી દેવિકાબહેન :

કુશળ હશો.

૨૦ વર્ષ ! બહુ જ સારી પ્રગતિ થઈ કહેવાય. હું તો પહેલેથી માનું છું કે બે મિત્રોએ પોતે લખેલાં કાવ્ય કે વાર્તા એકબીજાની સામે રજૂ કરવાં જોઈએ. તમે તો બે–થી વધુ લેખકો મળતાં રહ્યાં છો એ વાતે પ્રસન્ન થવાય છે. દરેક સર્જકને સ્પૃહા હોય છે કે એને અધિકારી ભાવક મળે. સમ્યક ભાવન વિના સર્જન સાર્થક નથી થતું. તમારા 'ગુજરાતી સાહિત્ય સરિતા' જેવાં અનૌપચારિક સંગઠનોમાં તો સર્જકો સ્વયં એકમેકના ભાવકો રૂપે સક્રિય થતાં હોય છે, એને હું મોટું સદ્ભાગ્ય ગણું છું.

'સુરેશ જોષી સાહિત્યવિચાર ફૉરમ' પણ અનૌપચારક સંગઠન છે. એની પણ આ જ નીતિરીતિ રહી છે. અમે ૪૭ વાર્તાશિબબિર કર્યા છે, દરેકમાં ઓછામાં ઓછા ૨૦ વાર્તાકારો જોડાયા હોય. બધા એકબીજાના શ્રોતા ભાવક સમીક્ષક –જે ગણો તે. હવે અમારી ઑનલાઇન વાર્તાશિબિર –માળા રૂપે ચાલે છે.

મને યાદ આવે છે કે વરસો પર હું તમારી એક સભામાં આવેલો ને મિત્રોની રચનાઓ વિશે ચર્ચાઓ થઈ હતી. મારી શુભેચ્છાઓ છે કે તમે સૌ સાહિત્યકાર તરીકેની કારકિર્દી વિકસાવો અને એ પ્રકારે ગુજરાતી ભાષા અને સાહિત્યની આ દૂર દેશાવરે બેસી સેવા કરવાનું બળ મેળવો.

–– સુમન શાહ ( સપ્ટેમ્બર ૩, ૨૦૨૧ : યુ એસ એ )

## કવયિત્રી ઉષા ઉપાધ્યાય... Sat, Sep 11 at 7:42 AM

નમસ્કાર.
ગુજરાતી સાહિત્ય સરિતા ૨૦ વર્ષથી અવિરત ચાલુ રહી છે તે અત્યંત આનંદ અને ગૌરવની વાત છે. અમેરિકા જેવા દેશમાં દાયકાઓથી તમે સહુ વસ્યાં છો, છતાં માતૃભૂમિ અને માતૃભાષાને તમે ભૂલ્યાં નથી એ હકીકત તમારા સહુ માટે માન પ્રેરે છે. કોરોનાકાળમાં પણ તમે વર્ચ્યુઅલ માધ્યમથી સાહિત્ય સાધના જારી રાખી એ સાચે જ તમારા સહુની ઊંડી નિસ્બતની પ્રતીતિ કરાવે છે.
માતૃભાષા,ભારતીય સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનું આ રીતે ગુજરાતી સાહિત્ય સરિતા દ્વારા જે જતન અને સંવર્ધન થાય છે તેને માટે તમામ હોદ્દેદારોને, સભ્યોને તથા સહયોગી સહુને હાર્દિક અભિનંદન પાઠવું છું અને તમારા સહુનો ભાવિ પથ નિરંતર પ્રકાશમાન અને અવનવી સિદ્ધિઓથી સભર હો એવી શુભકામના પાઠવું છું.
સ્નેહાદર સાથે, ઉષા ઉપાધ્યાય.

## ગુજરાતી લિટરરી ઍકેડેમી,યુકે.ના પ્રમુખ શ્રી વિપુલ કલ્યાણી તરફથી..

**Vipool Kalyani Wed, Sep 8 at 7:47 AM UK**

વાહ ! મુખ્ય પ્રવાહમાં આપણી નોબત ઝાઝેરી સંભળાતી ન હોય તેવાં વાતાવરણમાં બે દાયકા લગી, સતત ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિનો ધબકાર થતો રહે તેને, ભલા, શું કહીશું ? આવું સાતત્ય જ્યારે મુખ્ય પ્રવાહમાંય ઢીલુંઢફ હોય તે વેળા તે પોરસાવી જાય. તમે આ પડ જાગતું રાખ્યું છે તેની મને જાણકારી છે. તમારે ત્યાં હયદરઅલી જીવાણી, રસિક મેઘાણી, ધીરુભાઈ શાહ, વિજયભાઈ શાહ, નવીનભાઈ બેન્કર, ચીમનભાઈ પટેલ, 'ચમન' સરીખા કવિલેખકોની સક્રિયતા રહેતી અને તેથી પણ તમારી સંસ્થાને ખીલવાને મજબૂતાઈ સાંપડતી.

હવે પછીનો તમારો પ્રવાસ હૂંફકારી તેમ જ પોષક બની રહો તેવી મનોકામનાઓ.

તમને દરેકને આ અવસરે વધાવીએ. કુશળ રહેજો.

સ્નેહાદારપૂર્વક

વિપુલ કલ્યાણી **UK** [http://glauk.org](http://glauk.org)

## કવિ શ્રી વિવેક ટેલર,સુરત **Fri, Sep 3 at 12:16 AM**

**વાહ... ખૂબ સરસ. માદરે–વતનથી આટલે દૂર રહીને પણ આપ સહુ સાહિત્યની જ્યોત અનવરત પ્રજ્વલિત રાખો છો એ જાણીને ખૂબ આનંદ થયો... સહુ મિત્રોને દિલી અભિનંદન અને અઢળક મબલખ સ્નેહકામનાઓ... સસ્નેહ,**

**વિવેક.Take care...Dr. Vivek Tailor**

શબ્દો છે શ્વાસ મારા
ગુજરાતી ભાષાની સર્વપ્રથમ સ્વરચિત કાવ્યોની વેબસાઇટ
www.vmtailor.com

## કવિ શ્રી કૃષ્ણ દવે તરફથી....ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટનને.......

કૈંક બિંદુ એકઠાં થઈ પ્રથમ સરવાણી બનો.
ચાલો પછી ઝરણું બની વહીએ વનોવન
ને મળે વાતાવરણ એવું વિકસીએ ત્યાં મનોમન
આપમેળે બે કિનારાની પકડ ઢીલી થશે.
તે પછી આરંભીએ યાત્રા ધરી કો નામ સરિતાનું
અને વ્હેવું અમારાં શ્વાસમાં એવું ગૂંથાયુ કે ગયા પેલા કિનારા ક્યાં ?
થયાં સાગર અમે ક્યારે ? કશું'યે યાદ ના, ને યાદ પણ ક્યાંથી રહે ?
ત્યાં આંખ જેની હો નિશાને સ્થિર
જેના હાથમાં હો બાણ ને હો લક્ષ્યવેધી તીર
મોજા ઉછળે, મોજાં ઉછળે....

કેટલાક ગુજરાતી સાહિત્ય કલા પ્રેમી મિત્રોનું મળવું એટલે જ હ્યુસ્ટનમાં ગુજરાતી સાહિત્ય સરિતાનું વ્હેતાં થવું. આ સાહિત્ય સરિતા આજે ઝરણામાંથી વિશાળ નદી બનીને ગુજરાતીઓની નસનસમાં વહી રહી છે. જે પણ સાહિત્યકાર, કવિ હ્યુસ્ટન ગયા છે તેઓ આ સાહિત્ય સરિતામાં ધુબાકા માર્યા વિના પાછા નથી ફર્યા. ખૂબ જ પ્રેમાળ મિત્રોનું વૃંદ ભૂલી શકાય તેમ છે જ નહીં.
આજે આ સરિતાને વ્હેતાં વ્હેતાં વીસ વર્ષ થયા છે ત્યારે હું મારો હરખ વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી.

કૃષ્ણ દવે. તા–૨૧–૯–૨૦૨૧

## વિશ્વકોશ,ટ્રસ્ટ..શ્રી કુમારપાળ દેસાઈ તરફથી

**Kumarpal Desai Thu, Sep 23 at 1:22 AM**

### શુભેચ્છા–સંદેશ

**મારા ચિત્તમાં સંગ્રહાયેલી સાહિત્યિક સંસ્થાઓના સંદર્ભે કેટલીક અવિસ્મરણીય ઘટનાઓમાં એક છે હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતામાં કેટલાંક ગુજરાતી સાહિત્યરસિકો સાથેનો સંવાદ. કેટલાંક વર્ષો અગાઉ ગુજરાતી સાહિત્ય સરિતાના કાર્યક્રમમાં આવ્યો હતો, ત્યારે ઉપસ્થિત સાહિત્ય પ્રેમીઓની આંખમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ માટે ચાહના જોઈ હતી, તે આજે પણ એટલી જ મન**

પ્રત્યક્ષ છે. એ સમયે ઉપસ્થિત સ્વજનોમાંથી શ્રી વિજય શાહ અને શ્રી કમલેશ લુલ્લાનાં એ પછીના કાર્યોની જાણકારી પણ પ્રાપ્ત થતી રહી છે.

આજે આ સંસ્થાને વીસ વર્ષ પૂરા થાય છે, ત્યારે આપ સહુએ સામા પૂરે તરીને મેળવેલી સિદ્ધિ બદલ અભિનંદન આપું છું. 'એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એ વાતનું તમે સહુએ ગૌરવ કર્યું છે. સતત આટલાં વર્ષો સુધી તમે ગુજરાત, ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યની અસ્મિતા જાળવી છે. આવી આપ સહુની ભાષા–સાહિત્ય પ્રત્યેની અગાધ ચાહના માટે ધન્યવાદ.

હાલમાં અમે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનું તથા ગુજરાતની અસ્મિતા પ્રગટાવવાનું કાર્ય કરીએ છીએ, જેમાં ગુજરાતી વિશ્વકોશ (એન્સાઈક્લોપિડિયા)નાં 23000 લખાણો ધરાવતા, 25000 પૃષ્ઠોમાં સમાવેશ પામતાં 25 ગ્રંથો, બાળવિશ્વકોશનાં દસ ભાગ, 'વિશ્વવિહાર' નામનું સામયિક, એકસોથી વધુ ગ્રંથોની શ્રેણી તથા સાહિત્યિક કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

તાજેતરમાં 'ગુર્જરી ડાયજેસ્ટ'માં પણ વિશ્વકોશ સહયોગ આપી રહ્યું છે. વિશ્વકોશનું મુખપત્ર 'વિશ્વવિહાર' અમે આપને મોકલવા ઈચ્છીએ છીએ, તો આપની સંસ્થાનું સરનામું પણ મોકલશો. આપ સહુના સાહિત્યપ્રેમને ખૂબ અભિનંદન અને એમાં અહીંથી અમે કોઈ પણ પ્રકારે ઉપયોગી થઈ શકીએ તેમ હોય, તો જણાવશો. અમને જરૂર આનંદ થશે.

– શ્રી કુમારપાળ દેસાઈ

–

# વિભાગો

- સંસ્થાની સ્થાપના,પૂર્વભૂમિકા અને હેતુ
- પા પા પગલી
- સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિનો ક્રમિક ઈતિહાસ અને વિકાસ–(૨૦૦૧ થી ૨૦૨૫)
- સંસ્થાની મુલાકાતે આવી ચૂકેલા મહાનુભવોની યાદી–ફોટા સહિત (૨૦૦૧ થી ૨૦૨૫)
- સંસ્થાના સર્જકો–
- સંસ્થાના સહાયકો
- ઉપસંહાર

# પ્રકરણ ૧ – સ્થાપના અને પૂર્વભૂમિકા

સાહિત્ય જગતમાં જેનો ધ્વજ આજે સન્માનપૂર્વક ફરફરતો છે તેવી ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની સ્થાપના આજથી ૨૫ વર્ષ પૂર્વે થઈ. ૨૦૦૧માં વ્યવસ્થિત રીતે આ સંસ્થાનો આરંભ થયો તેની પૂર્વભૂમિકા, ઈતિહાસ અને વિકાસયાત્રા ખૂબ રસપ્રદ છે. એટલું જ નહિ, ગુજરાતી ભાષાને જાળવી રાખવા ઈચ્છતી આજની અને આવતી કાલની પેઢીને માટે જરૂરી અને માર્ગદર્શક પણ અવશ્ય છે જ. તેની પૂર્વભૂમિકા કંઈક આ પ્રમાણે છે. અમેરિકાનાં મોટાભાગનાં દરેક શહેરોમાં ગુજરાતીઓ, ‘ગુજરાતી સમાજ’ને નામે વિવિધ રીતે ગુજરાતને જીવંત રાખે છે તે રીતે હ્યુસ્ટનમાં પણ તે સમયે જુદી જુદી સાંસ્કૃતિક પ્રવૃતિઓ ચાલતી હતી.

૧૯૯૭–૯૮માં હ્યુસ્ટનના તે વખતના ગુજરાતી સમાજના પ્રમુખે કેટલાંક મિત્રોને ફોન કરી જણાવ્યું કે “સાહિત્યકાર શ્રી ગુણવંત શાહ આવે છે. પાછલા વર્ષના પ્રમુખનો આગ્રહ છે કે આવા મોટા ગજાના લેખક અહીં આવે છે અને ‘ગુજરાતી સમાજ’નું ‘દર્પણ’ (ગુ.સ. નું માસિક સામયિક) તો નીકળી ગયું છે; તેથી તમે તમારા મિત્રોમાં ફોન કરો.” શ્રી દીપકભાઈ ભટ્ટ, શ્રી હેમંત ગજરાવાલા, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી નવીનભાઈ બેંકર, શ્રી વિજયભાઈ શાહ, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રીમતી સરયૂબહેન પરીખ, શ્રી રસેશભાઈ દલાલ, શ્રી વિનોદભાઈ પટેલ, શ્રી વિશ્વદીપ બારડ જેવાં દસેક મિત્રોને ફોન કર્યા અને દરેકને એ જ વિનંતી કે તમે જેને જાણતા હો તેમને ફોન કરજો. કહેવાય છે કે, 'સાક્ષર સર્વત્ર પૂજ્યતે' ની જેમ સૌના સુખદાશ્ચર્ય સાથે તે દિવસે ૧૦૦ જેટલી હાજરી હતી. દરેકને ગુણવંત શાહને સાંભળવા ગમ્યા અને તે દિવસે હ્યુસ્ટનમાં એક સરસ મઝાની નવી વિચારધારાએ જન્મ લીધો.

તે પછી થોડા સમય માટે ૧૫ થી ૨૦ જણનું એક ‘સાહિત્ય–પરિચય’ જેવું વૃંદ રચાયું તે થોડો વખત ચાલ્યું. પણ તેમાંથી એક વાત સમજાઈ કે હ્યુસ્ટનમાં ગુજરાતી સાહિત્યના સારા કાર્યક્રમો થઇ શકે છે. ફક્ત કમી છે એ બંનેને જોડતી સંસ્થાની. આ વિચારને પુષ્ટી મળી શ્રી દીપકભાઈ ભટ્ટના કાર્યક્રમ "આપણો અમર વારસો" નામે સાહિત્યની બેઠક થકી. તેમણે ૨૩ સપ્ટેમ્બરે ૨૦૦૧માં પ્રથમ બેઠક તેમના ઘેર રાખી. આ બેઠકમાં ચીમન પટેલ, વિજય શાહ, કરાંચીથી આવેલ શ્રી રસિક મેઘાણી વક્તા હતા. તે વખતના ગુજરાતી સમાજના ત્રણ પ્રમુખો અને સીનિયર સિટિઝનના પ્રમુખ શ્રી મથુરભાઈ કોઠારી, સાગર મીસ્ત્રી અને અંબુભાઇ દેસાઈના આશીર્વચનો સાથે બેઠક શરૂ થઈ. ૪૨ જેટલાં સાહિત્યરસિક ભાઈબહેનોની આ બેઠક આખી રસપ્રદ રહી.

આ રસ જળવચેલો રહે તે હેતુથી, તે જ બેઠકમાં મહિના પછીની તારીખ જાહેર કરી અને ગ્રુપનાં નામાભિધાન માટે ઈમેલ દ્વારા સૂચનો મંગાવવામાં આવ્યાં. ધાર્યા કરતાં વધુ ઈમેલ આવ્યા અને સૌથી વધારે સૂચવાયેલ નામ "ગુજરાતી સાહિત્ય સરિતા" સ્વીકારાયું. આમ, સાહિત્ય સરિતાનો જન્મ થયો. ગુજરાતી સાહિત્ય સરિતા આમ જોઈએ તો ગણ્યા ગાંઠ્યા સાહિત્ય પ્રેમીઓનું સ્વપ્ન હતું અને તેઓના સ્વપ્નને દીર્ઘદ્રષ્ટા દીપકભાઈ ભટ્ટે તથા માનદ શાયર આદિલ મનસુરીએ એ રીતે કંડારેલું કે,

૧. ગુજરાતી સર્જકો અને કવિઓનો અમર વારસો જાળવી રાખવો.

૨. ગુજરાતી ભાષાનું સર્જન, સંવર્ધન, પ્રચાર અને પ્રસાર કરવો.

૩. મહિનામાં એક વાર બેઠક યોજીને સ્થાનિક નવોદિત સર્જકોને માટે મંચ પૂરું પાડવું.
૪. ઉચ્ચ કક્ષાના લેખકો કે કવિઓને આમંત્રણ આપી, સ્થાનિક સર્જકોનું સ્તર ઊંચું લાવવા પ્રયત્નશીલ રહેવું.

૫. અન્ય લલિત કલાનાં કાર્યોમાં સહકાર આપવો.

# પ્રકરણ ૨– પા પા પગલી

૨૦૦૧ના સપ્ટે. મહિનાથી દર મહિનાના એક શનિવારે નિયમિત રીતે ‘સાહિત્ય સરિતા’ ની બેઠક થવા માંડી અને તે પણ સ્વેચ્છાએ યજમાન બનનારના ઘરમાં જ થવા માંડી. દરેક બેઠકમાં નક્કી કરેલ વિષય પર પદ્ય રચનાઓ થાય, વંચાય, ક્યારેક વાર્તા કે નિબંધ ચર્ચાય, નવી વાતો વિચારાય અને અહેવાલો પણ લખાય. વિનોદ પટેલ "દર્પણ"માં અહેવાલ આપતા, સ્વ. નવિન બેંકર "ગુજરાત ટાઇમ્સ" અને "ગુજરાત દર્પણ" માં સાહિત્ય સરિતાની ગતિવિધિ ચમકાવતા, સ્વ. પ્રોફેસર સુમન અજમેરીના શબ્દોમાં કહીએ તો 'સાહિત્ય સરિતા'ની પ્રતિમાસ સાયંકાળે બેઠક મળતી થઈ. આ બેઠકમાં ૪૦ થી ૪૫ સાહિત્ય–સેવીઓ અને શબ્દકર્મીઓ હાજરી આપતા. બેઠકમાં સર્જકો પોતાની કૃતિઓ રજૂ કરે જેનો આરંભ સ્વરચિત કાવ્યોથી થાય. કાવ્યો ઉપરાંત વાર્તા, નિબંધ, સંવાદ પત્ર, રેખાચિત્રો વિગેરેની પ્રસંગોપાત ચર્ચા થતી રહે.

એક દિવસ એક વિચારધારા વહેતી મૂકાઈ કે, “આપણુ વૃંદ સરસ કામ કરે છે તો સ્થાનિક સર્જકોને સાહિત્ય જગતનાં પ્રવાહોથી વાકેફ કરવા નિષ્ણાતોને આમંત્રણ આપીએ તો?! “આ વિચારને કારણે, પહેલા વર્ષના સમાપનની ઉજવણી સ્વરુપે એક કાર્યક્રમનુ આયોજન થયુ. યુ.કે. થી ગઝલકાર ડૉ અદમ ટંકારવી, ન્યુ જર્સીથી આદિલ મન્સૂરી અને કેનેડાથી શૈલેશ દેસાઈ અને નીતાબેનને બોલાવી ગઝલ સંધ્યાનું આયોજન થયું. લગભગ ૪૫૦ જેટલા ગુજરાતીઓની હાજરીમાં ત્રણ–ચાર કલાક ચાલેલા પ્રોગ્રામનાં સફળ કવિ હતા અદમ ટંકારવી અને આદિલ મનસુરી. તે વખતે સાત કવિ અને લેખકોએ તેમની ડાયરીને પુસ્તકમાં પરિવર્તિત કરી.

કાવ્ય સંગ્રહઃ “કાવ્યસુંદરીની સાથે સાથે” _વિશ્વદીપ બારડ
કાવ્ય સંગ્રહ “મનોકલ્પ “_ મનોજ મહેતા
કાવ્ય સંગ્રહ “ ભારે હૈયે” ચીમન પટેલ
કાવ્ય સંગ્રહ “શુષ્ક ભીની આંખે” અબ્દુલ રઝાક મેઘાણી “ રસિક”
કાવ્ય સંગ્રહ – “મારી મનોગંગા” ગિરીશ દેસાઇ
કાવ્ય સંગ્રહ “ તમે એટલે આપનું વિશ્વ” વિજય શાહ
કાવ્યસંગ્રહ “ હળવાશો આ ભારે ભારે. “ હિંમત શાહ

સાત સર્જકોએ તેમના કાવ્યસંગ્રહો બહાર પાડ્યા અને આદિલ મનસુરીના મુખેથી શબ્દો સરી પડ્યા "હ્યુસ્ટન તો અમેરીકાનું ગુજરાતી ભાષાનું પાટનગર છે, જ્યાં ગુજરાતી ભાષાનાં સંવર્ધન અને સંરક્ષણ ઉપર પૂરતું ધ્યાન અપાય છે.”

# પ્રકરણ ૩–સંસ્થાની પ્રવૃત્તિનો ક્રમિક ઈતિહાસ અને વિકાસ

**૨૦૦૧**

- સપ્ટે.મહિનામાં સાહિત્ય સરિતાની સ્થાપના..

**૨૦૦૨**

- ઓક્ટો.માં પ્રથમ માર્ગદર્શી મુલાકાતી નામાંકિત ગઝલકાર શ્રી આદિલ મન્સૂરી અને અદમ ટંકારવી. તેમની હાજરીમાં સાહિત્ય–સર્જન અને શિબિર–પર્વની ઉજવણી. મહાત્મા ગાંધી હોલમાં પાદપૂર્તી હરિફાઈ પણ ત્યારે જ થઈ.

**૨૦૦૨**

- ગુજરાતી સાહિત્ય સરિતાની વેબસાઇટનો પ્રારંભ.

**૨૦૦૩**

- ફ્લોરિડાથી ડૉ દિનેશ શાહ, રમેશ પટેલ ( પ્રેમોર્મિ) અને ડૉ સ્નેહલતા પંડ્યાનું આગમન અને તેમની સાથે બેઠક.

**૨૦૦૪**

- માર્ચ મહિનામાં કવિ શ્રી રઈશ મનીઆરનો કાર્યક્રમ. જૂન મહિનામાં ચીનુ મોદી સાથે બેઠક.
- સપ્ટે.માં યુકે.થી ગઝલકાર શ્રી ‘અદમ’ ટંકારવી અને શ્રી અહમદ ‘ગુલ’ સાથે બેઠક.

**૨૦૦૫**

- વિશાલ મોણપરા દ્વારા ગુજરાતી કીપેડની શોધ.
  કવિ શ્રી અનિલ જોશી અને ગઝલકાર શ્રી શોભિત દેસાઈ સાથે કવિ સંમેલન.

**૨૦૦૬**

- જૂન મહિનામાં કવિ શ્રી વિનોદ જોશી સાથે કાવ્યસંધ્યા. તે જ વર્ષે શેર–અંતાક્ષરીનો પ્રથમ પ્રયોગ..

**૨૦૦૭**

- જુલાઈ માં પ્રીતિ સેનગુપ્તા સાથે પ્રવાસ–વર્ણનનું પ્રવચન.
- શ્રી મહેન્દ્ર મેઘાણી સાથે એક બેઠક.

- સપ્ટે.માં કવિ અને ગઝલકાર શ્રી રઈશ મનીઆર સાથે ગઝલ સંધ્યાનું આયોજન. બીજે દિવસે 'ગઝલ વર્કશોપ'દ્વારા ગઝલનું માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ઓક્ટો.માં ગઝલકાર જવાહર બક્ષી સાથે સાહિત્યગોષ્ઠિ. અને વેબસાઇટ વિમોચન(www.gujaratisahityasarita.org )
- નવેમ્બરમાં શેરાક્ષરીનો ફરીથી પ્રયોગ.

૨૦૦૮

- માર્ચમાં શાંગ્રિલા આર્ટ ગેલેરીમાં ૫૭ જેટલાં શેરોની રમઝટ મચાવતો શેરાક્ષરીનો વધુ એક પ્રયોગ કર્યો.
- મે મહિનામાં સાહિત્યના વિદ્વાન શ્રી સુમન શાહ સાથે બેઠક યોજાઈ.
- જૂન મહિનામાં 'પત્રશ્રેણી'નું નાટક ભજવાયું.
- ઑગષ્ટમાં 'ચલો ગુજરાત'ના વૈશ્વિક અધિવેશનમાં ભાગ લીધો.
- સપ્ટે.માં ભારતથી અમેરિકાની મુલાકાતે આવેલ કવિ શ્રી ગૌરાંગ દિવેટીઆ સાથે બેઠક અને સાહિત્ય–ગોષ્ઠિ યોજાઈ.

૨૦૦૯

- જાન્યુ.માં'ગાંધી નિર્વાણ દિન'ની ઉજવણીના ભાગ રૂપે આર્યસમાજ હોલમાં ૧૯૪૮ની ૩૦મી જાન્યુ.ની ગાંધીબાપુની અંતિમ પળોની ઝલકની ઝાંખી નાટ્યરૂપે કરાવી.
- મે મહિનામાં ફ્લોરીડાના વૈજ્ઞાનિક /કવિ શ્રી ડો.દિનેશ શાહ અને ગઝલકાર શ્રી હિમાંશુ ભટ્ટ સાથે બેઠક.
- પ્રથમ શબ્દસ્પર્ધાનું આયોજન.

૨૦૧૦

- વાંચનયાત્રાના વિરલ યાત્રી મહેન્દ્ર મેઘાણી સાથે બેઠક.

- "સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણીમાં 'એક અનોખી મહેફિલ' નાટક અને ગુજરાતના ઝળહળતા દીવડાનો ગરબો રજૂ કરવામાં આવ્યાં.

- જુલાઈ મહિનામાં શ્રી બળવંત જાનીનું પ્રવચન અને વાર્તાલાપ.

- ઑગષ્ટ મહિનામાં 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ'માં સાહિત્ય સરિતાના બે સભ્યોનું સન્માન થયું.

**૨૦૧૧**

- માર્ચ મહિનામાં 'દશાબ્દિ મહોત્સવ'– શિકાગોના ગઝલકાર શ્રી અશરફ ડબાવાલા અને શ્રીમતી મધુમતીબહેન મહેતાના અતિથિપદે 'સ્ટેફર્ડ સીવિક સેન્ટર'માં સ્ટેઈજ શો કરવામાં આવ્યો.
- તેના જ ભાગ રૂપે બીજા શો તરીકે મે મહિનામાં 'હું રિટાયર થયો' નાટક ભજવાયું.
- મે મહિનામાં સુરતના કવિ/ડો. વિવેક ટેલર સાથે બેઠક કરવામાં આવી.
- જુલાઈ  માસમાં હાસ્યલેખક શ્રી હરનીશ જાની સાથે બેઠક. વલીભાઈ મુસા સાથે એક બેઠક.

**૨૦૧૨**

- જુલાઈ માસમાં જાહેર પાર્કમાં,ખુલ્લા આકાશ નીચે ઉજાણી સાથે સાહિત્યની બેઠક થઈ. એવી જ રીતે ૨૦૦૮, ૨૦૧૦ અને ૨૦૧૩નાં ઉનાળા સમય દરમ્યાન પણ ઉજવણી થઈ.

**૨૦૧૩**

- માર્ચ મહિનામાં ભારતના ફીલીંગ્સ મેગેઝીનના તંત્રી/પ્રકાશક શ્રી અતુલભાઈ શાહ સાથે બેઠક યોજાઈ.
- જૂન મહિનામાં ભારતથી પધારેલ ખ્યાતનામ વાર્તાકાર શ્રીમતી નીલમબહેન દોશી સાથે બે દિવસની મુલાકાત અને 'વાર્તાનું વર્કશોપ' સમી ચર્ચા/સમીક્ષાનું આયોજન કરવામાં આવ્યું.
- સપ્ટેમ્બરમાં 'વેબગુર્જરી'વતી ગુજરાતી કીપેડના સંશોધક શ્રી વિશાલ મોણપરાનું બહુમાન કરવામાં આવ્યું. તે સમયે સૌ પ્રથમ 'ગુગલ હેંગ આઉટ'નો સફળ પ્રયોગ કરવામાં આવ્યો.
- નવેમ્બર મહિનામાં કવિ મહેમાન ડો. ચન્દ્રવદન મિસ્ત્રી સાથે બેઠક.

**૨૦૧૪**

- ઓક્ટો.મહિનામાં ડાયસ્પોરિક સાહિત્ય સંશોધક ડો.બળવંત જાની સાથે વાર્તાલાપ યોજાયો.
- નવેમ્બર મહિનામાં 'કાવ્યોત્સવ'ની ઉજવણી–કવિ શ્રી કૃષ્ણ દવે અને અદમ ટંકારવીના સાંનિધ્યમાં કરવામાં આવી. બીજે દિવસે 'કવિતા અને ગઝલ વર્કશોપ'નું આયોજન પણ થયુ.

**૨૦૧૫**

- **માર્ચ મહિનામાં નાસા કેન્દ્રના વૈજ્ઞાનિક/કવિ ડો.કમલેશ લુલ્લાનું તેમને મળેલા ઘણા એવોર્ડો અંગે બહુમાન કરવામાં આવ્યું.**
- **જુલાઈમાં કેલીફોર્નીઆથી પધારેલ, ૯૬ વર્ષના શ્રી હરિકૃષ્ણ મજમુદાર સાથે એક બેઠક.**
- **ઑગષ્ટ મહિનામાં ગઝલકાર ડો.રઈશ મનીઆરના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.**

**૨૦૧૬**

- **માર્ચ મહિનામાં, જેવીબી પ્રેક્ષા મેડીટેશન હોલમાં, કવિ શ્રી અનિલ ચાવડા સાથે–૧૫૦ જેટલા ગુજરાતી સાહિત્યપ્રેમીઓની ઉપસ્થિતિમાં બેઠક નં ૧૬૨..**
- **એપ્રિલ મહિનામાં ખ્યાતનામ લેખિકા નીલમ દોશી સાથે, સુગરલેન્ડના માટલેજ રોડ ખાતેના હોલમાં બેઠક નં ૧૬૩…**
- **મે મહિનામાં જાણીતાં અને માનીતાં, કવયિત્રી પન્નાબહેન નાયકની સાથે હ્યુસ્ટનના એલરીજ પાર્કના રીક્રિએશન સેન્ટર ખાતે બેઠક નં ૧૬૪…**
- **જુન મહિનામાં લેખક શ્રી ભાગ્યેશ જહા સાથે ઑસ્ટીન પાર્કવેના હોલમાં ૧૬૫મી બેઠક…**
- **નવેમ્બર મહિનામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટિના વાઈસ ચાન્સેલર ડો. બળવંતભાઈ જાની સાથે ૧૭૦મી બેઠક, સુગરલેન્ડના કૉમ્યુનિટી સેન્ટરમાં…**

**૨૦૧૭**

- મે મહિનાની પાંચમી તારીખે ૧૭૪મી બેઠક સુગરલેન્ડના રિક્રિએશન સેન્ટરના હોલમાં આમંત્રિત કવિ શ્રી શોભિત દેસાઈ સાથે…

- મે મહિનાની ૨૦મી તારીખે ગઝલકાર ડો. મહેશ રાવલ સાથે સુગરલેન્ડના રિક્રિએશન સેન્ટરના હોલમાં ૧૭૫મી બેઠક…

- સપ્ટે. મહિનામાં ૧૭૮મી બેઠકમાં સંસ્થાના આદરણીય સભ્ય અને નાસાના સર્વોચ્ચ વૈજ્ઞાનિક શ્રી ડો. કમલેશ લુલ્લાને તેમની અવકાશ અને વિજ્ઞાન ક્ષેત્રમાં સાધેલ ઝળહળતી સિદ્ધિઓ બદલ, **Glorious Achievement Award** નામે એક વિશિષ્ઠ એવોર્ડ મળ્યો હતો તે અંગે સાહિત્ય સરિતાએ તેમનું સન્માન કર્યું.

- ૨૦૧૭ના ડિસેમ્બર મહિનામાં સંસ્થાના સભ્ય દેવિકાબહેન ધ્રુવની પત્રશ્રેણી ‘આથમણી કોરનો ઉજાસ” જેને ગુજરાતી સાહિત્ય પરિષદે ‘ડાયસ્પોરા પારિતોષિક વિજેતા’ઘોષિત કર્યું તે અંગે સંસ્થાના કમિટિ મેમ્બર્સ અને સૌ સભ્યોએ તેમનું ૧૮૦મી બેઠકમાં પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન કર્યું.

૨૦૧૮

- માર્ચ મહિનામાં  હ્યુસ્ટનના પ્રેક્ષા મેડીટેશન સેન્ટરના હોલમાં. ‘વિશ્વપ્રવાસિની અને કવયિત્રી પ્રીતિબહેનન સેનગુપ્તા સાથે બેઠક નં ૧૮૩...
- મે મહિનામાં  સાહિત્ય સરિતાની ૧૮૫મી બેઠકમાં સુરતના, ખ્યાતનામ તેજાબી અને સ્પષ્ટવક્તા લેખિકા કામિનીબેન સંઘવી સાથે...
- સપ્ટે. મહિનામાં પ્રેક્ષા મેડિટેશન સેન્ટરના હોલમાં મુંબઈના  જાણીતા કવિ અને મંચના મહારથી શ્રી મુકેશ જોશી અને અમદાવાદના યુવાન કવિ અને રજૂઆતના રાજવી શ્રી અનિલ ચાવડા સાથે બેઠક નં ૧૮૯....

૨૦૧૯

- ફેબ્રુ. મહિનામાં  ‘સુગરલેન્ડ’ ના રિક્રિએશન સેન્ટરમાં સાહિત્ય સરિતાની  ૧૯૪મી અન્ય ભાષાના (મહારાષ્ટ્ર મંડળના), મહેમાન તરીકે આવેલ શ્રી મિલિન્દભાઈ ફડકે સાથે બેઠક....
- માર્ચ મહિનામાં સુગરલેન્ડ કૉમ્યુનિટી હોલમાં, હિન્દીભાષી  કવયિત્રી અને રાઈસ યુનિ.ના અધ્યાપક શ્રીમતી સરિતાબહેન મહેતા સાથે ૧૯૫મી બેઠક.
- મે મહિનામાં સાહિત્ય સરિતા, હ્યુસ્ટનના માંડવે ‘જૂઈમેળા’નો ઉત્સવ..ઑસ્ટીન પાર્કવે, સુગરલેન્ડના કોન્ફરન્સ સેન્ટરમાં, જૂઈમેળાના પ્રણેતા કવયિત્રી ડો ઉષાબહેન ઉપાધ્યાયની હાજરીમાં ૧૯૭મી બેઠક.....
- ઑગષ્ટ  મહિનામાં ભવ્ય રીતે સાહિત્ય સરિતાનો  “૨૦૦મી બેઠકનો જલસો” ઠસ્સાદાર રીતે ઉજવાયો. તે સમયે  અતિથિવિશેષ હતા મુંબઈના ગઝલકાર શ્રી સુરેશ ઝવેરી..
- ઓક્ટોબર મહિનામાં ૨૦૧૯–પાટણ યુનિ.ના વાઈસ ચાન્સેલર ડો. દાઉદભાઈ ઘાંચી અને ગુજરાત યુનિવર્સિટિ સાથે સંકળાયેલા તથા ગાંધર્વ મહાવિદ્યાલય સાથે જોડાયેલા ડો. જનકભાઈ શાહ સાથે– બેઠક નં ૨૦૨.
- ૨૦૨૦

  માર્ચ મહિનામાં સાહિત્ય સરિતાની પહેલી ‘વોટ્સ–એપ’ બેઠક યોજાઈ. કોરોના

વાયરસને કારણે, ૨૦૫ બેઠકો પછીની આ વિશેષ બેઠક થકી સંસ્થાના ઈતિહાસમાં આ એક નવું પાનું ઉમેરાયું.

- એપ્રિલ મહિનાથી ઝૂમ બેઠકોની શરૂઆત થઈ. જૂન મહિનાની ઝુમ બેઠકમાં હ્યુસ્ટનના ઈતિહાસમાં પ્રથમ વખત એક તેજસ્વી યુવા–પ્રતિભા રાધા મહેતાનું મંત્રમુગ્ધ વક્તવ્ય. .
- ઓગષ્ટ મહિનામાં વાર્તા અંગે અમદાવાદના લેખિકા શ્રીમતી શ્રદ્ધા ભટ્ટ સાથે તેમની વાર્તાઓનું વાંચન... ઝૂમ બેઠક નં ૨૧૧.
- નવેમ્બર મહિનામાં ૨૧૪મી બેઠક, આંતરરાષ્ટ્રિય ગઝલની મસ્તીભરી બેઠક લંડન યુ.કે.થી જાણીતા ગઝલકાર, ગુજલીશ ગઝલો માટે ખૂબ જાણીતા અને સુફી ગઝલકાર તરીકેનું માન મેળવી ચૂકેલા છે તે આદરણીય શ્રી અદમભાઈ ટંકારવી સાથે....
- નવેમ્બર મહિનાની બેઠકમાં  સંસ્થાના સભ્ય અને  ગુજરાતી 'પ્રમુખપેડ' ના સંશોધક વિશાલભાઈ મોણપરાની નવ અને પાંચ વર્ષની દીકરીઓ  ચિ. સ્વરા અને આજ્ઞા જેઓ કુમળી વયે ગુજરાતી ભાષા અને કક્કો –બારાખડીને સરળ ભાષામાં ઉદાહરણ સહિત, અમેરિકન પદ્ધતિથી યુટ્યુબ ચેનલ પર મૂકે છે. એમની આ પ્રવૃતિને પ્રોત્સાહન આપવા સંસ્થા તરફથી આ બાળકીઓને પ્રોત્સાહન પત્ર અર્પણ કરવામાં આવ્યું.
- ૨૦૨૧

  ફેબ્રુઆરી  મહિનામાં  સુપ્રસિદ્ધ  શાયર, ગઝલકાર ડો. મહેશભાઈ રાવલ સાથે ઝૂમ બેઠક નં ૨૧૭.
- માર્ચ મહિનામાં ૨૧૮મી બેઠક  શિકાગોથી ડો.અશરફભાઈ અને ડો. મધુમતીબહેન મહેતા તથા કેલિફોર્નીયાથી ડો. મહેશભાઈ રાવલ સાથે....
- લગભગ સવા વર્ષ સુધી ઘરમાં બેસી ને **Zoom** પર બેઠકો કર્યા પછી ૨૧૯મી બેઠક એપ્રિલ મહિનામાં,  લૉસ્ટ ક્રિક પાર્કના ખુલ્લી જગામાં માસ્ક સાથે...
- મે મહિનામાં ૨૨૦મી બેઠક ગઝલકાર શ્રી જવાહર બક્ષી સાથે...ફરીથી ઝૂમ બેઠકો શરૂ.
- જૂલાઈ મહિનાની ૨૨૨મી બેઠક (ઝૂમ) વાર્તાકાર શ્રી આનંદરાવ લિંગાયત સાથે.
- ઑગષ્ટ મહિનાની બેઠક નં ૨૨૩ (ઝૂમ) પદ્મશ્રી સિતાંશુભાઈ યશશ્ચંદ્ર સાથે.
- સપ્ટેમ્બર મહિનાની બેઠક નં ૨૨૪ (ઝૂમ) વાર્તાકાર મધુ રાય સાથે.
- બેઠક ક્રમાંક ૨૨૫, ડો.શ્રી જવાહર બક્ષી  અને આશિતભાઈ દેસાઈ સાથે

**૨૦૨૨**

- એપ્રિલ મહિનામાં શિકાગોથી કવિ શ્રી અનિલ ચાવડા સાથે ઝૂમ બેઠક નં ૨૩૧.
- બેઠક નં ૨૩૩, જૂન મહિનામાં મુખ્ય મહેમાન તરીકે ભારતથી પધારેલ કવિ, સંગીતકાર તથા ગાયક શ્રી હરીશભાઈ જોશી સાથે.
- ઑગષ્ટ મહિનામાં મુખ્ય મહેમાન : શ્રી અશરફ ડબ્બાવાલા, શ્રીમતી મધુબહેન ડબ્બાવાલા અને શ્રી જય વસાવડા સાથે. વિષય – ચીઅર્સ જિંદગી.
- નવેમ્બર મહિનાની બેઠકમાં મુંબઈથી આવેલા ગઝલકાર શ્રી સુરેશભાઈ ઝવેરી મુખ્ય મહેમાન હતા.

**૨૦૨૩**

- ૨૪૯મી બેઠક, ઑક્ટોબર ૧, ૨૦૨૩ના રોજ સુવિખ્યાત કવિ ડૉ. વિનોદ જોશી સાથે..
- ૨૫૦મી બેઠક , નવેમ્બર મહિનામાં ચોજાઈ. તેમાં સાહિત્ય સરિતાનાં ચાલક બળ સમા અને 'સહિયારું સર્જન'નાં લેખક શ્રી વિજય શાહનું સન્માન કરવામાં આવ્યું.

**૨૦૨૪**

- ફેબ્રુઆરી ૩,૨૦૨૪ના રોજ સીતાબહેન કાપડિયા સાથે બેઠક ચોજાઈ જેમાં તેમણે લખેલ **The woman beside Gandhi ( A biography of Kasturba, wife of Mahatma Gandhi)** વિશે રસપ્રદ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ થયો.
- તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ 'સ્મૃતિસંપદા' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમાં એ પુસ્તકના અમેરિકાસ્થિત ૧૫ જેટલા સર્જકો સાથે સાંજ વીતાવી હતી. પન્નાબહેન નાયક અતિથિવિશેષ હતાં. બેઠક નં ૨૫૫.
- ૨૬૦મી બેઠક, ૭મી સપ્ટે.૨૦૨૪ના રોજ મુખ્ય મહેમાન યુકે.થી પધારેલ, સુવિખ્યાત ગુજલીશ ગઝલકાર શ્રી અદમ ટંકારવી સાથે.

**૨૦૨૫**

- ૨૬૬ નંબરની બેઠક માર્ચ મહિનામાં શ્રી અર્પણ ચાજ્ઞિક સાથે ચોજાઈ.
- ૨૬૭ નંબરની બેઠક કવિ અને સંગીતકાર 'શ્રી શ્યામલ મુનશી સાથે એક સાંજ' તરીકે વીતાવી.
- તા.૨૧મી સપ્ટેમ્બરના રોજ, કવિ શ્રી કૃષ્ણ દવે સાથે 'કલમનો ઉત્સવ' તરીકે ચોજવામાં આવી. આ બેઠક નં ૨૭૨ હતી, જેમાં દેવિકા ધ્રુવના કાવ્યસંગ્રહ 'અહીં જ બધું'નું લોકાર્પણ કરવામાં આવ્યું.

# પ્રકરણ–૪ –સંસ્થાની મુલાકાતે આવી ચૂકેલા મહાનુભવોની વર્ષ મુજબ યાદી–ફોટા સહિત.



૨૦૦૨ આદિલ મન્સુરી




૨૦૦૨

આદિલ મન્સુરી અને અદમ ટંકારવી



૨૦૦૪



૨૦૦૪



## ૨૦૦૫ કવિશ્રી શોભિત દેસાઇ સાથે




ગુજરાત

હ્યુસ્ટનમાં સાહિત્યરસિકોની સાહિત્યગોષ્ઠિ:
કૃતિઓનો આસ્વાદ અને ચર્ચા

Attached image

Attached image

૨૦૦૬



ગુજરાતી સાહિત્ય સરિતા
Gujarati Sahitya Sarita

કાવ્ય ગીત સંધ્યા

ડૉ. વિનોદ જોષી

તારીખ ૦૬/૧૦/૨૦૦૬
સમય સાંજે ૭.૩૦ કલાકે
અનુદાન ૫.૦૦ ડોલર

*Anjali Center for Performing Arts*
2615 Cordes Plaza, Sugar Land TX 77479


વધુ માહિતી અને ટીકીટ માટે સંપર્ક


૨૦૦૬



૨૦૦૭

પ્રીતિબેન સેનગુપ્તા





૨૦૦૭

ડૉ કવિ શ્રી રઈશ મનીઆર સાથે



૨૦૦૭



૨૦૦૭

બેઠકમાં મહેમાન કવિ ઇન્દ્ર શાહ અને મીના શાહ





સાહિત્યકાર શ્રી સુમન શાહ સાથે–મે ૨૦૦૮



૨૦૦૮

**શેર અન્તાક્ષરી ભાગ–૨ માં ૫૭ જેટલા જાણીતા અને માનવંતા ગઝલકારોનાં શેરોની રમઝટ.**



**શ્રી મહેન્દ્ર મેઘાણી–૨૦૧૦**



**૨૦૧૦–**

**‘એક અનોખી મહેફિલ’**



6 ગુજરાત May 28, 2010

અમેરિકા

# હ્યુસ્ટનમાં ગુજરાતી સમાજના નેજા હેઠળ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી

૨૦૧૦



## શબ્દસ્પર્ધા–૨૦૧૦



# દશાબ્દિ મહોત્સવઃ ૧

## હ્યુસ્ટનસ્થિત ગુજરાતી સાહિત્ય સરિતાના દશાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

નવીન બેન્કર

હ્યુસ્ટનના જૂના સ્ટેફર્ડ સિવિક સેન્ટરના વિશાળ હોલમાં ૧૨મી માર્ચ, શનિવારે રાતે 'ગુજરાતી સાહિત્ય સરિતા'એ પોતાનાં દસ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન કર્યું હતું. આઠ ને દસ મિનિટે કાર્યક્રમના આયોજક રમેશ દલાલ અને સંસ્થાનાં સંચાલક દેવિકાબહેન ધ્રુવે પ્રેક્ષકોના સ્વાગતથી મહોત્સવની શરૂઆત કરી. પ્રારંભમાં વીરેન્દ્ર બેનરના કંઠે દેવિકા ધ્રુવરચિત શારદસ્તુતિ અને હેમંત ભાવસારના કંઠે વિનોબા ભાવેની પ્રાર્થના રજૂ કરાઈ. આ પછી દીપપ્રાગટ્ય વિધિ થઈ હતી.

આ પ્રસંગે આમંત્રિત મુખ્ય મહેમાનપદે શિકાગોનાં જાણીતાં અને માનીતાં સન્માનીય ગઝલકાર કવિ-દંપતી ડૉ. અશરફ ડબાવાલા તથા ડૉ. મધુમતી મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓ ગુજરાતી ભાષા, સાહિત્ય અને



હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાના દશાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી પ્રસંગે મંચ પર બિરાજમાન (ડાબેથી) ધીરુભાઈ શાહ, સંસ્થાના સંચાલિકા દેવિકા ધ્રુવ, મુખ્ય અતિથિઓ

**૨૦૧૧ માર્ચ. ગઝલકાર શ્રી અશરફ ડબ્બાવાલા, મધુમતી મહેતા સાથે.**



**૨૦૧૧**

**દશાબ્દિ–મહોત્સવ–ભાગ–૨ નાટક**



**૨૦૧૧–**

**કવિ શ્રી વિવેક ટેલર સાથે.**



૨૦૧૧–
વાર્તાકાર વલીભાઈ મુસા સાથે.



૨૦૧૧
હાસ્યલેખક શ્રી હરનીશ જાની સાથે બેઠક.




૨૦૧૩
નવીન બેંકર અને શ્રી ધીરુભાઈ શાહ
ગુજરાતી સાહિત્ય સરિતાનાં બંને એવોર્ડ વિજેતા સભ્યો..



**જુન ૨૦૧૩**

**ખ્યાતનામ લેખિકા નીલમબહેન દોશી સાથે..**




**સપ્ટે.૨૦૧૪**

**બળવંત જાની સાથે**



# હ્યુસ્ટન અમેરીકામાં સાહિત્ય સરિતાએ ઉજવ્યો કાવ્યોત્સવ

હ્યુસ્ટન, અમેરીકા, ૮ નવેમ્બરઃ હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની યશકલગીમા એક વધુ છોગુ એટલે કાવ્યોત્સવ ૨૦૧૪. અમદાવાદના યુવાન,તરવરીયા અને હસમુખા કવિ શ્રી. કૃષ્ણ દવે અને બ્રિટન-બોલ્ટનથી આવેલા પીઢ ગઝલકાર શ્રી. અદમ ટંકારવીના અતિથિ વિશેષપદે ઉજવાયેલો કાવ્યોત્સવ શિકાગોથી આ પ્રસંગ માટે જ ખાસ પધારેલા કવયિત્રી શ્રીમતી સપના વિજાપુરા, હ્યુસ્ટનના સ્થાનિક પ્રતિષ્ઠિત મહાનુભાવો, સ્થાનિક સર્જક પ્રતિભાઓ અને દોઢસો જેટલા ગુજરાતી સાહિત્યના પ્રેમીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને દીપાવ્યો હતો જેમાં શ્રીમતિ દેવિકાબેન ધ્રુવ, ધીરુભાઈ શાહ, મુકુંદભાઈ ગાંધી, નિખિલ મહેતા, જ્યોત્સનાબેન વેદ, હસમુખ દોશી, ચિમનભાઈ પટેલ, અદમ ટંકારવી, કોકિલા પરીખ, પ્રદીપ બ્રહ્મભટ્ટ, કમલેશ લુલ્લા, ધવલ મહેતા વગેરેનો સમાવેશ થાય છે.

**અહેવાલ-** શ્રી. નવીન બેન્કર (અમેરીકા),
**તસ્વીર સૌજન્ય-** શ્રી. જય પટેલ (અમેરીકા)

**નવેમ્બર ૨૦૧૪**

**શ્રી અદમ ટંકારવી અને શ્રી કૃષ્ણ દવે સાથે.**




૨૦૧૪





શ્રી કૃષ્ણ દવે　　　　　　શ્રી અદમ ટંકારવી

૨૦૧૫







**૨૦૧૫**

**ડો.કમલેશ લુલ્લાના સન્માન સમારંભ સમયે.**




**૨૦૧૫ ઑગષ્ટ**

**રઈશ મનીઆર સાથે એક મસ્તીભરી સાંજ–**



# ૨૦૧૬:

**પ્રમુખઃ ડોક્ટર શ્રીમતિ ઇન્દુબહેન શાહ, ઉપપ્રમુખઃશ્રીમતી પ્રવિણાબહેન કડકિયા**
**ખજાનચીઃ શ્રી.સતીશ પરીખ, સલાહકારઃ શ્રી. અશોક પટેલ**






**૨૦૧૬–માર્ચ મહિનામાં, જેવીબી પ્રેક્ષા મેડીટેશન હોલમાં, કવિ શ્રી અનિલ ચાવડા સાથે**



**૨૦૧૬– એપ્રિલ મહિનામાં લેખિકા નીલમ દોશી સાથે...**






**૨૦૧૬– મે મહિનામાં જાણીતા અને માનીતા, કવયિત્રી પન્નાબહેન નાયક સાથે.**





**૨૦૧૬**

**જુન મહિનામાં કવિ શ્રી ભાગ્યેશ જહા સાથે..**





**૨૦૧૬–નવેમ્બર મહિનામાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર ડો. બળવંતભાઈ જાની સાથે..**

# • ૨૦૧૭

**પ્રમુખ– શ્રી. સતીશ પરીખ, ઉપપ્રમુખ શ્રી. નિતીન વ્યાસ,**
**ખજાનચી/હિસાબનીશ–શ્રી મનસુખ વાઘેલા,**
**સલાહકારઃ શ્રી. અશોક પટેલ**



**૨૦૧૭–**
**મે મહિનામાં આમંત્રિત કવિ શ્રી, શોભિત દેસાઇ સાથે.**




**૨૦૧૭–મે મહિનામાં આમંત્રિત કવિ શ્રી, શોભિત દેસાઇ સાથે.**






**૨૦૧૭–**

**મે મહિનામાં ૨૦મી તારીખે**

**ગઝલકાર ડોક્ટર મહેશ રાવલ સાથે...**






**૨૦૧૭**

**સપ્ટે. મહિનામાં સંસ્થાના જ આદરણીય સભ્ય અને નાસાના સર્વોચ્ચ વૈજ્ઞાનિક શ્રી ડો. કમલેશ લુલ્લાને તેમની અવકાશ અને વિજ્ઞાન ક્ષેત્રમાં સાધેલ ઝળહળતી સિદ્ધિઓ બદલ ( Glorious Achievement Award) નામે એક વિશિષ્ઠ એવોર્ડ મળ્યો હતો તે અંગે સાહિત્ય સરિતાએ તેમનું સન્માન કર્યું.**




**૨૦૧૭**

**ડિસેમ્બર મહિનામાં,૧૮૦મી બેઠકમાં સંસ્થાના સભ્ય શ્રીમતી દેવિકાબહેન ધ્રુવની પત્રશ્રેણી "આથમણી કોરનો ઉજાસ" જેને ગુજરાતી સાહિત્ય પરિષદે ડાયસ્પોરા સાહિત્ય પારિતોષિક ઘોષિત કર્યું; તે અંગે સંસ્થાએ તેમનું પ્રશસ્તિ પત્ર અર્પણ કરી સન્માન કર્યું.**

# ૨૦૧૮

**પ્રમુખ– શ્રી. સતીશ પરીખ, ઉપપ્રમુખ શ્રી. નીતિન વ્યાસ.**
**ખજાનચી/હિસાબનીશ–શ્રી શ્રી. મનસુખ વાઘેલા, સલાહકારઃ શ્રી હસમુખ દોશી.**




**૨૦૧૮–**
**માર્ચ મહિનામાં વિશ્વ પ્રવાસિની લેખિકા શ્રીમતી પ્રીતિ સેનગુપ્તા સાથે...**



**૨૦૧૮–**
**મે મહિનામાં સાહિત્ય સરિતાની ૧૮૫મી બેઠક.**
**લેખિકા કામિનીબહેન સંઘવી સાથે..**



**૨૦૧૮–**

**સપ્ટે. મહિનામાં કવિ શ્રી મુકેશ જોશી અને કવિ શ્રી અનિલ ચાવડા સાથે..**



**૨૦૧૮–**

**સપ્ટે. મહિનામાં મુંબઈના  કવિ શ્રી મુકેશ જોશી અને અમદાવાદના યુવાન કવિ  શ્રી અનિલ ચાવડા સાથે....**

# ૨૦૧૯

**પ્રમુખ શ્રી. ફતેહઅલી ચતુર, ઉપપ્રમુખ શ્રીમતી શૈલાબહેન મુન્શા**
**ખજાનચીઃ અવનીબહેન મહેતા, સલાહકાર શ્રીમતી દેવિકાબહેન ધ્રુવ**




૧૯૪મી બેઠક- ફેબ્રુઆરી ૧૭ ૨૦૧૯- ફોટો સૌજન્ય- શ્રી જયંત પટેલ

૨૦૧૯–

ફેબ્રુઆરી મહિનામાં અન્ય ભાષાના (મહારાષ્ટ્ર મંડળના), મહેમાન તરીકે આવેલ
શ્રી મિલિન્દભાઈ ફડકે સાથે...



૨૦૧૯ –

માર્ચ.. હિન્દીભાષી કવયિત્રી ડો.સરિતા મહેતા સાથે..



**૨૦૧૯– માર્ચ મહિનામાં હિન્દીભાષી કવયિત્રી ડો.સરિતા મહેતા સાથે..**





**૨૦૧૯–**

**મે મહિનામાં સાહિત્ય સરિતાના માંડવે ‘જૂઈમેળા’નો ઉત્સવ..**



‘જૂઈમેળા’ના પ્રણેતા ડો.ઉષાબહેન ઉપાધ્યાય સાથે..

## ૨૦૧૯–

## ઓગષ્ટ મહિનામાં સાહિત્ય સરિતાએ ઠસ્સાથી ઉજવ્યો ‘બસ્સોમી બેઠકનો જલસો’–





Sunday, 8th September, 2019 | 4

વિદેશની ધરતી પર છેલ્લાં ૧૯ વર્ષથી નિયમિત રીતે ચાલતી

હ્યુસ્ટનની 'ગુજરાતી સાહિત્ય સરિતા'એ ૨૦૦મી બેઠકની ઉજવણી કરી

ગુજરાત સમાચાર

GOPALBHAI INDRAVADAN JOSHI





મુંબઈના મહેમાન કવિ/ગઝલકાર  શ્રી સુરેશભાઈ ઝવેરી સાથે....
'બસ્સોમી બેઠકનો જલસો'–





**ઓક્ટોબર ૨૦૧૯–**

**પાટણ યુનિ..ના વાઈસ ચાન્સેલર ડો. દાઉદભાઈ ઘાંચી અને ગુજરાત યુનિ.. સાથે સંકળાયેલા તથા ગાંધર્વ મહાવિદ્યાલય સાથે જોડાયેલા ડો. જનકભાઈ શાહ**


## ૨૦૨૦

**પ્રમુખઃ શ્રીમતી શૈલા મુન્શા, ઉપપ્રમુખઃ ચારુબહેન વ્યાસ,ખજાનચીઃ અવનીબહેન મહેતા, મંત્રીઃ સતીશ પરીખ, સહમંત્રીઃ મનસુખ વાઘેલા, સલાહકારઃ દેવિકા ધ્રુવ**

**૨૦૨૦– માર્ચ મહિનામાં સાહિત્ય સરિતાની પહેલી 'વોટ્સ–એપ' બેઠક યોજાઈ. કોરોના વાયરસને કારણે, ૨૦૫ બેઠકો પછીની આ વિશેષ બેઠક થકી સંસ્થાના ઈતિહાસમાં આ એક નવું પાનું ઉમેરાયું.**


**એપ્રિલ મહિનાથી ઝૂમ બેઠકોની શરૂઆત થઈ.**

*******************************************************





જૂન મહિનાની ઝૂમ બેઠકમાં  હ્યુસ્ટનના ઈતિહાસમાં પ્રથમ વખત એક તેજસ્વી યુવા–પ્રતિભા રાધા મહેતાનું મંત્રમુગ્ધ વક્તવ્ય. .




- ઓગષ્ટ મહિનામાં. વાર્તા અંગે..

અમદાવાદના લેખિકા શ્રીમતી શ્રદ્ધા ભટ્ટ સાથે તેમની વાર્તાઓનું વાંચન કરવામાં આવ્યું. ઝૂમ બેઠક નં ૨૧૧.



નવેમ્બર મહિનામાં ૨૧૪મી બેઠક, આંતરરાષ્ટ્રિય ગઝલની મસ્તીભરી બેઠક
લંડન યુ.કે થી જાણીતા ગઝલકાર, આદરણીય શ્રી અદમભાઈ ટંકારવી સાથે .



- નવેમ્બર મહિનાની બેઠકમાં  સંસ્થાના સભ્ય  ગુજરાતી ‘પ્રમુખપેડ’ ના સંશોધક વિશાલભાઈ મોણપરાની નવ અને પાંચ વર્ષની દિકરીઓ  ચિ.સ્વરા અને આજ્ઞા જેઓ આટલી કુમળી વયે ગુજરાતી ભાષા અને કક્કો બારાખડીને સરળ ભાષામાં ઉદાહરણ સહિત,અમેરિકન પદ્ધતિથી ‘યુટ્યુબ’ ચેનલ પર મૂકે છે. એમની આ પ્રવૃતિને પ્રોત્સાહન આપવા સંસ્થા તરફથી આ બાળકીઓને પ્રોત્સાહન પત્ર અર્પણ કરવામાં આવ્યું.

# **૨૦૨૧**

**પ્રમુખઃ ચારુબહેન વ્યાસ, ઉપપ્રમુખઃ ભારતીબહેન મજમુદાર**
**ખજાનચીઃ શ્રી પ્રફુલભાઈ ગાંધી, સલાહકારઃ શ્રી નિખિલ મહેતા**

**ફેબ્રુઆરી મહિનામાં સુપ્રસિદ્ધ શાયર, ગઝલકાર ડો. મહેશભાઈ રાવલ સાથે**




**માર્ચ મહિનામાં ૨૧૮મી બેઠક શિકાગોથી ડો.અશરફભાઈ અને ડો. મધુમતીબહેન મહેતા તથા કેલિફોર્નિયાથી ડો. મહેશભાઈ રાવલ સાથે યોજાઈ.**

**https://youtu.be/jn69GY2HKGQ**



**૨૧૯મી બેઠક એપ્રિલ મહિનામાં,** લોસ્ટ ક્રિક પાર્કના ખુલ્લી જગામાં માસ્ક સાથે





ડો. જવાહર બક્ષી સાથે મે, ૨૦૨૧માં  થયેલ બેઠક..




જુલાઈ મહિનામાં લેખક શ્રી આનંદરાવ લિંગાયત સાથે ઝૂમ બેઠક નં.૨૨૨.





ઑગષ્ટ મહિનાની બેઠક નં ૨૨૩ (ઝૂમ) વિશ્વકવિ અને સાહિત્યકાર પદ્મશ્રી સિતાંશુભાઈ યશશ્ચંદ્ર સાથે.




# ૨૦૨૨

## પ્રમુખઃ ભારતીબહેન મજમુદાર,ઉપપ્રમુખઃ જ્યોતિબહેન વ્યાસ
## ખજાનચીઃ શ્રી પ્રફુલભાઈ ગાંધી, સલાહકારઃ શ્રી નિખિલ મહેતા

### એપ્રિલ ૨૦૨૨
### બેઠક નં ૨૩૧. કવિ શ્રી અનિલ ચાવડા સાથે








**જૂન, ૨૦૨૨**

**બેઠક નં ૨૩૩ – મુખ્ય મહેમાન તરીકે ભારતથી પધારેલ કવિ,ગાયક શ્રી હરીશભાઈ જોશી સાથે.**







બેઠક નં ૨૩૮ –૨૦ નવેમ્બર, ૨૦૨૨
મુંબઈથી આવેલા ગઝલકાર શ્રી સુરેશભાઈ ઝવેરી સાથે.

# ૨૦૨૩

## પ્રમુખ ભારતી મજમુદાર  ઉપપ્રમુખઃ ડો.મીના પારેખ
## ખજાનચીઃ શ્રી પ્રફુલભાઈ ગાંધી, સલાહકારઃ શ્રી નિખિલ મહેતા



**સાહિત્યિક સમાચાર :**

ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૯મી બેઠકનો અહેવાલ:

ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૯મી બેઠક, ઓક્ટોબર ૧, ૨૦૨૩ ને રવિવારના રોજ 'ઓસ્ટીન પાર્કવે'ના સભાગૃહમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં ભારતથી આવેલ સુવિખ્યાત કવિ ડૉ. વિનોદ જોશીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

દેવિકા રાહુલ ધ્રુવ
Devika Dhruva
ddhruva1948@yahoo.com

RASHTRA DARPAN 35

૨૦૨૩
૨૪૯મી બેઠક, ઑક્ટોબર ૧– ભારતથી આવેલ સુવિખ્યાત કવિ ડૉ. વિનોદ જોશી સાથે..



8 ગુજરાત ટાઇમ્સ October 20, 2023 • ઓક્ટોબર 20, 2023

અમેરિકા

# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૯મી બેઠક

અહેવાલ: દેવિકા ધ્રુવ

ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૪૯મી બેઠક, ઓક્ટોબર ૧, ૨૦૨૩ને રવિવારના રોજ ઓસ્ટીન પાર્કવેના સભાગૃહમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં ભારતથી આવેલ સુવિખ્યાત કવિ ડો. વિનોદ જોશીને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

સૌથી પ્રથમ પ્રમુખ ભારતી મજમુદારે સૌનું સ્વાગત કર્યું, જરૂરી સૂચનાઓ અને માહિતી આપીને સંસ્થાનાં ઉપપ્રમુખ મીના પારેખને પ્રાર્થના માટે આમંત્રણ આપ્યું. મા શારદાની સુંદર પ્રાર્થના બાદ કાર્યક્રમના 'સ્પોન્સર્સ'દ્વારા આમંત્રિત કવિશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ દેવિકા ધ્રુવે આજના મંચને કવિતાના તીર્થધામ તરીકે બિરદાવી "આજની ઘડી રળિયામણી" કહી પ્રારંભ કર્યો. તેમણે કાવ્યમય શૈલી થકી કવિ ડો. વિનો જોશીની જ લખેલ પંક્તિઓ દ્વારા કવિશ્રીની નો સંક્ષિપ્તમાં પરિચય આપી સભાજનોને સવિશેષ માહિતગાર કર્યા. સંસ્થાના પ્રથમ ૧૫ વર્ષના ઈતિહાસની ક દર્શાવતું પુસ્તક ભેટ ધર્યું અને કવિનાં ગીતોની ર્શાવવા માટે ભાવના દેસાઈને આમંત્રણ આપ્યું. તેમણે મધુર કંઠે કચકડાંની ચૂડી રે, મારું કૂણું માખણ કાંડું, સૈયર શું કરીએ? સપનાનું સાંબેલું લઈને, ઉજાગરાને ખાંડું રે! સહિયર શું કરીએ? અને સખી! મારો સાહ્યબો સૂતો ફળીયે ઢાળી ઢોલિયો, હું તો મેડીએ ફાનસ ઓલવી, ખાલી પડખે પોઢી જાઉં... એમ બે ગીતો ગાઈ સંભળાવ્યાં. વાતાવરણમાં કવિનાં ગીતોનો, લયનો અને શબ્દોનો રંગ રેલાવા માંડ્યો.

ગીતોની રમઝટ પછી પ્રમુખે સભાનો દોર ડૉ. વિનોદ જોશીને સોંપ્યો. શરૂઆતમાં તેમણે શબ્દ સાથેનો પોતાનો નાતો, શબ્દનો મહિમા, નારીભાવની કવિતા વગેરે અંગે સ્પષ્ટતાભરી સમજૂતી આપી, સર્જનપ્રક્રિયા દર્શાવી અને નરસિંહ મહેતાનો ઉલ્લેખ પણ કર્યો. તે ઉપરાંત પોતાનું ગામ, બાળપણ, ગામમાં કરેલાં કામો, પારિવારિક વારસો વગેરે સંભારણાં રજૂ કરતા ગયા, તે સાથે જ સભામાં સાહિત્યિક રંગો ઘેરા થતા ગયા. તે પછી કવિતાઓની શરૂઆત કરતાં પહેલાં, પ્રથમ તેમની લાક્ષણિક ઢબે સરસ્વતીની પ્રાર્થના આરંભી કે વીજળીયું વેડીને લેખણ કીધી, સરસ્વતી માતા! કાગળનો ખાલી ખૂણો આપજો... ને પછી તો એક પછી એક કવિતાઓની રજૂઆત થતી ગઈ. નારી સંવેદનાનાં જાણીતાં ગીતો ઉપરાંત નવા કાવ્યસંગ્રહ 'ખુલ્લી પાંખે પિંજરમાં'ની કેટલીક રચનાઓ પણ સંભળાવી.

ખૂબ લોકપ્રિય થઈ ગયેલ ગીતો જેવાં કે, (૧) ખડકી ઉઘાડી હું તો અમથી ઊભી'તી (૨) તું મીઠળ જેવો કઠણ ને હું નમણી નાડીછડી (૩) તું શીલાલેખનો અક્ષર ને હું જળની બારાખડી (૪) પરપોટો ઊંચકીને કેડ વળી ગઈ, હવે દરિયો લાવું તો કેમ લાવું? અને (૫) ભારે ઉતાવળા.. વગેરે કવિતાઓને શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

કવિએ કેટલાંક ગીતો ગાઈને રજૂ કર્યા અને કેટલાંક ગીતોનું પઠન કર્યું. વાતાવરણ કવિતામય બનતું જતું હતું. તે પછી સોનેટ, અછાંદસ અને દીર્ઘકાવ્યના રચયિતા આ કવિએ વળાંક લીધો અને થોડી જુદા ભાવની કવિતાઓ એના મર્મ સાથે પ્રસ્તુત કરી. જેમકે, 'ઝાડ એકલું અમથુંઅમથું જાગે' અને વાવાઝોડાનું વર્ણન કરતું, પૃથ્વી છંદમા રચેલું "ECSTASY" 'ઝડાફ વીજ મેઘ ડમ્મર ડિબાંગમા સોંસરી, ખચાક ખચખચ્ ચીરી'... જેવાં ગર્જનાત્મક શબ્દોયુક્ત કાવ્ય પણ સુપેરે સંભળાવ્યું.

ત્યારબાદ સભામાંથી અષ્ટનાયિકાનો પ્રસ્તાવ થયો અને કવિએ થોડી અષ્ટનાયિકા, જેવી કે, પ્રોષિતભર્તૃકા, અભિસારિકા, સ્વાધીનભર્તૃકા, ખંડિતા વગેરે વિશે વાત કરી અને તેમાંની એક 'કલહાંતરિતા'ની કવિતા 'મુજથી સહ્યું ન જાય, આમ નજરથી દૂર ન રાખે, આમ અડે નહીં ક્યાંય' રજૂ કરી. તે પછી વિનોદભાઈએ ખૂબ લોકપ્રિય બનેલ 'સૈરંધ્રી' વિશે સમજૂતી આપી કહ્યું કે, સ્વયંને છુપાવીને, પોતે એક રાણી હોવા છતાં, બીજા દેશની રાણીની દાસી બનીને રહેતી દ્રૌપદીની માનસિકતા, એની વિડંબના વિશેની એમાં વાત છે.

આમ જુઓ તો માનવી પોતે જે કંઈ છે તેનાથી જગતને જુદો બતાવતો હોય છે. તો એ કાયમી અજ્ઞાતવાસ જ છે, એટલે કે, અંગત વિશ્વની વિડંબનાનું એ એક રૂપક છે! એમ જણાવી 'સૈરંધ્રી'નો એક અંશ વાંચી સંભળાવ્યો.

આમ કવિતાનાં જુદાંજુદાં પરિમાણોનું સુંદર આચમન થયું. જો કે, વચમાં એકવાર ફરીથી નારી સંવેદનાનાં કાવ્યો આવતાં જતાં હતાં! જેમ કે, એણે કાંટો કાઢીને મને દઈ દીધું ફૂલ', 'જો આ રીતે મળવાનું નહિ', ' મારા ઘરમાં તારો દીવો, તારા ઘરમાં મારો', 'મુંબઈ સમાચાર વાંચે મારો સાહ્યબો અને 'ઝુલ્ફમાં ભૂલી પડેલી આંગળી, તેં સાંભળ્યું' વગેરે. ત્યારબાદ છેલ્લે, 'આ માછલી તો આવે પણ માછલીની ભેળો આ દરિયો પણ આવે છે, એ દખ' કાવ્ય સંભળાવી તેમના ટૂંકા વક્તવ્ય સાથે સમાપન કર્યું. આમ, ભાવજગતમાં તલ્લીન થયેલ સૌ સભાજનોએ ઊભાં થઈ અવિરત તાળીઓની ગૂંજથી કવિ શ્રી વિનોદ જોશીનું સ્નેહપૂર્વક અભિવાદન કર્યું.

બેઠકને અંતે, દેવિકા ધ્રુવે કવિ માટે સન્ પત્ર વાંચી સંભળાવ્યું અને સંસ્થાના આદ્યસ્થાપક દીપક ભટ્ટના હસ્તે કવિને સુપ્રત કર્યું, ભારતી મજમુદારે સૌનો આભાર માન્યો અને ખજાનચી પ્રફુલ ગાંધીએ યથો રીતે કવિને પુરસ્કૃત કર્યા. છેલ્લે સ્વાદિષ્ટ ભોજન સૌ સાહિત્યરસિક ભાઈબહેનો છૂટાં પડ્યાં.

આ આખીયે બેઠક રસપ્રદ રહી, કવિતામય બની રહી.

# ૨૦૨૪

## પ્રમુખઃ શ્રી નિખિલ મહેતા, ઉપપ્રમુખઃ રિદ્ધિ દેસાઈ
## ખજાનચીઃ શ્રી નરેન્દ્ર વેદ  સલાહકારઃ શ્રી હસમુખ દોશી






ફેબ્રુઆરી ૩– સીતાબહેન કાપડિયા સાથે બેઠક યોજાઈ જેમાં તેમણે લખેલ **The woman beside Gandhi ( A biography of Kasturba, wife of Mahatma Gandhi)** વિશે રસપ્રદ વાર્તાલાપ અને પ્રશ્નોત્તરી.

# ૨૦૨૪

## ૨૭મી એપ્રિલ, ૨૦૨૪



'સ્મૃતિસંપદા' પુસ્તકનું લોકાર્પણ.
અમેરિકાસ્થિત કુલ ૧૫ લેખકોમાંના ૬ હ્યુસ્ટનના સર્જકો.





શેરાક્ષરીઃ ફક્ત ગુજરાત વિશેની પંક્તિઓ પર રમઝટઃ ૨૭ એપ્રિલ, ૨૦૨૪ની એક ઝલક



દીવડા નૃત્યના કલાકારોઃ એપ્રિલ ૨૦૨૪ની એક ઝલક



ગુજરાત ન્યૂઝલાઈન CANADA COMMUNITY ISSUE # 587 SEP 13, 2024 31

ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૬૦મી બેઠક યોજાઈ ગઈ

READ OUR NEWSPAPER ONLINE AT WWW.GUJARATNEWSLINE.CA

બેઠક નં ૨૬૦

સપ્ટે.૨૦૨૪: યુકે.થી પધારેલ, સુવિખ્યાત ગુજલીશ ગઝલકાર શ્રી અદમ ટંકારવી સાથે..

## ૨૦૨૫

નિખિલ મહેતા (પ્રમુખ),રિદ્ધિ દેસાઈ (ઉપપ્રમુખ)
નરેન્દ્ર વેદ (સચિવ), હસમુખ દોશી (સલાહકાર)

## ૨૦૨૫

### ૨૬૬ નંબરની બેઠક માર્ચ મહિનામાં શ્રી અર્પણ યાજ્ઞિક સાથે યોજાઈ.




**પ્રો.શ્રી અર્પણ યાજ્ઞિકઃ વ્યાખ્યાનઃ 'ભયના પ્રકાર, કારણો અને ઉપાયો'**






8 ગુજરાત ટાઇમ્સ

અમેરિકા

## હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની ૨૬૭મી બેઠક યોજાઈ

૨૬૭ નં.ની બેઠક કવિ, સંગીતકાર અને ગાયક શ્રી શ્યામલ મુનશી સાથે.







**બેઠક નં ૨૭૨– કવિ શ્રી કૃષ્ણ દવે સાથે 'કલમનો ઉત્સવ' અને 'અહીં જ બધું'કાવ્યસંગ્રહનું વિમોચન**



ગુજરાત ન્યુઝલાઈન

CANADA COMMUNITY

ISSUE # 642 | 30

## હ્યુસ્ટનની સાહિત્ય સરિતાએ ઉજવ્યો કલમનો ઉત્સવ : અને દેવિકા ધ્રુવના કાવ્યસંગ્રહ 'અહીં જ બધું' - નું વિમોચન

READ OUR NEWSPAPER ONLINE AT WWW.GUJARATNEWSLINE.CA

# પ્રકરણ–૫–સંસ્થાના સર્જકો

પ્રકરણ –જમાં જણાવ્યા મુજબ નિયમિત રીતે થતી આવી સાહિત્યિક પ્રવૃત્તિની ફલશ્રુતિરૂપે સંસ્થાના સભ્ય ભાઈ/બહેનો વધુ ને વધુ રસ લેતાં થયાં અને લખતાં થયાં. અલબત્ત, કેટલાક સભ્યો તો પહેલેથી લેખક કે કવિ હતાં જેમના માર્ગદર્શનનો લાભ પણ મળતો રહ્યો. નાના વર્તુળમાંથી સમય જતાં ૧૦૦ થી વધુ વ્યક્તિઓનું સંગઠન થતું ગયું. તેથી ઘરમાં મળવાની આ પ્રવૃત્તિ માટે 'કોમ્યુનિટિ હૉલ'ની જોગવાઈ પણ થતી ગઈ અને તે પછી તો સ્ટેજ પર આવી, માઈકમાં પોતાની સર્જનાત્મકતાને, વિચારોને સુપેરે રજૂ કરવાની તકો મળવા માંડી.

આમ, એક રીતે તો લેખન, વાંચન અને અભિવ્યક્તિનો રિયાઝ થતો ચાલ્યો. કલમ કસાતી રહી. સર્જકોનાં પુસ્તકો પણ પ્રકાશિત થવાં માંડ્યાં. લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોમાં કૃતિઓ છપાવા માંડી. એ રીતે ક્રમે ક્રમે આજ સુધી સંસ્થાના સર્જકોની મોટી યાદી નોંધાઈ.

સંસ્થાના સર્જકોની યાદી પહેલાં, સૌથી પ્રથમ મહત્ત્વનું નામ સહિત્ય સરિતાના આદ્ય સ્થાપક તરીકે આવે છે શ્રી દીપકભાઈ ભટ્ટનું.



તેમના મનમાં જાગેલા વિચારબીજનું આ એક વટવૃક્ષ છે. તેથી તેમને વંદન અને અભિનંદન સાથે સર્જકો વિશે વધુ વાતો...

સર્જકોની યાદી, તેમના ટૂંકા પરિચય સાથે આગળના પાનાંઓમાં બે વિભાગમાં કર્યો છે. (૧) છેલ્લાં થોડાં વર્ષોમાં શબ્દસ્થ રહેલ (સદ્‌ગત થયેલ સર્જકો). (૨) વર્તમાન સર્જકોઃ

# (૧) ભાગ –૧– શબ્દસ્થ રહેલ સર્જકો અને સાહિત્યરસિક સભ્યો.

**૧.સ્વ.મહમદ અલી ’સૂફી’ પરમારઃ**  **(૧૯૨૪–૨૦૦૮)**

૧૯૨૪માં, ગુજરાતના એક નાનકડા ગામડામાં જન્મેલા આ આધ્યાત્મિક કવિએ પારાવાર મુશ્કેલીઓ વેઠીને, ગુજરાતથી મુંબઈ, બાંગલાદેશના ચિત્તાગોંગ,ઈરાન, સાઊદી અરેબિયા, દુબાઈ, કરાંચી ફરી ફરીને અંતે હ્યુસ્ટનમાં સ્થાયી થયેલા. કાયદાના સ્નાતક હોવા ઉપરાંત હોમિયોપેથીના પણ માન્યતા પ્રાપ્ત ડોક્ટર હતા. સાહિત્યસરિતાની ઘણી બેઠકોમાં પણ આવતા. સિનિયર્સ સિટિઝન્સની સભાઓમાં ભજનો સંભળાવતા અને હાર્મોનિયમ વગાડતા. આ ‘સૂફી’ કવિએ માત્ર આધ્યાત્મિક કાવ્યો જ લખ્યાં છે અને તેનો એક સંગ્રહ ‘આધ્યાત્મિક કાવ્યો’ નામે ગુજરાતી સાહિત્ય સરિતાએ તેમના મૃત્યુ પછી ૨૦૦૯માં પ્રસિદ્ધ કર્યો હતો.


**૨. સ્વ.સુમન અજમેરીઃ**  **૧૯૩૫ –૨૦૧૪**

૭૦ થી વધુ પુસ્તકોના સર્જક એવા સુમન અજમેરી ‘શબ્દના પૂર્ણ સમયના આરાધક’ હતા. કવિતા એ એમના લેખનનો મુખ્ય વિષય રહ્યો હતો. છાંદસ, અછાંદસ કાવ્યો, ગઝલો, ગીતો, બાળકાવ્યો, કિશોરકાવ્યો, ખંડકાવ્યો, સોનેટો, વાર્તાઓ, વિવેચનો, રસદર્શન વગેરે ઘણું ઘણું લખ્યું છે તેમણે. હ્યુસ્ટનના કેટલાક નવા નવા કવિઓએ તેમની પાસેથી છંદનું જ્ઞાન મેળવીને પોતાની કાવ્યસમૃદ્ધિ વિકસાવી છે. ગઝલના છંદશાસ્ત્ર અંગેનો તેમનો ગ્રંથ અને ‘ગઝલ–સંરચના અને છંદવિધાન’ તેમજ ‘શબ્દાયના’ નામનાં તેમનાં પુસ્તકો તો અદ્વિતિય ગણાય છે. આ ગ્રંથોના અવલોકનો, સમીક્ષાઓ, વગેરે લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોના પાનાંઓ પર છપાયેલાં છે. શ્રી. સુમન અજમેરીના ગણનાપાત્ર પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો ઉલ્લેખ કરવો જ રહ્યો. –તન્મય તન્મય (ગીત સંગ્રહ) ઈબારત, રિયાઝ (ગઝલોના પ્રતિનિધી સંગ્રહો), શબ્દાયના (વિવેચનગ્રંથ) શેર અંતાક્ષરી (૧૬૦૦ જેટલા ગુજરાતી શેરોનું કક્કા પ્રમાણે સંકલન)

.

૩. સ્વ.ગીરીશભાઈ દેસાઈઃ  ૧૯૩૦ – ૨૦૧૬

લગભગ ૧૯૭૫થી તેમણે કાવ્યો લખવાની શરૂઆત કરી હતી. એમના જ શબ્દોમાં કહીએ તો, 'મન અને બુદ્ધિરૂપી બે બળદિયાના યુદ્ધથી ઉભી થયેલી પરિસ્થિતિનું જે શબ્દચિત્ર" રચાયું તે તેમનાં કાવ્યો.
તેમનાં પ્રકાશિત પૂસ્તકોઃ
(૧) ઈશાવાસ્ય ઉપનિષદ.(૨) મારો મનોવિહાર (લેખસંગ્રહ). (૩) મારી મનોગંગા ( કાવ્યસંગ્રહ).(૪) **Ganges of my mind** ( 'મારી મનોગંગા' નો અંગ્રેજી અનુવાદ ).

૪. સ્વ. ધીરજલાલ હિરાલાલ શાહઃ 

૧૯૨૧ –૨૦૨૦

અમેરિકામાં જીવનના ૭૫માં વર્ષે એટલે કે સને ૧૯૯૭માં પત્નીની ચિર વિદાય થતાં, એકલતા દૂર કરવા કોઈક ઈશ્વરી શક્તિએ તેમને લેખન,વાંચન અને સર્જન તરફ અચાનક વાળ્યાં. અગ્રગણ્ય માસિકોના પ્રકાશકોના તેમજ ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટનના સભ્યોના સાથ, સહકાર અને પ્રોત્સાહનથી લેખન પ્રવૃત્તિમાં દિન–પ્રતિદિન વધારો થતો ગયો.The path towards better living, વનવગડાનાં ફૂલ, વનવગડાની વાતો, વનવગડાની વાટે,વાર્તાનું વાવેતર, હળવા હાસ્યનું પાનેતર અને પ્લસ ભાગ–૧ અને ૨, બગીચાનાં ફૂલો, The flowers of the forest, વન–ઉપવનનાં ફૂલો વગેરે તેમના પુસ્તકો. હ્યુસ્ટનના ઈન્ડિયા કલ્ચર સેન્ટર દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ, કોન્સ્યુલ જનરલ ઓફ ઈન્ડિયાના શુભહસ્તે, 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ' આપવામાં આવ્યો હતો.

## ૫. સ્વ.અબ્દુલ રઝાકઃ  ૧૯૪૬ –૨૦૨૦


'રસિક' તખલ્લુસથી લખતા અબ્દુલ રઝાક મેઘાણી પાકિસ્તાનથી ૨૦૦૦ ની સાલમાં હ્યુસ્ટન આવ્યા હતા. કરાંચીની 'બઝમે દિલકશ' સંસ્થા કે જે પાછળથી 'ગુજરાતી કવિમંડળ' તરીકે પ્રખ્યાત થઈ, એના સક્રિય સભ્ય રહ્યા હતા.તેમની ગઝલો અને કાવ્યો અંગે સ્વ. શ્રી. 'આદિલ' મનસુરી સાહેબે કહ્યું હતું કે–'ગઝલના છંદશાસ્ત્રની દ્રષ્ટિએ તેમની ગઝલો સર્વાંગસંપૂર્ણ છે. તેમની સર્જકતા પણ ખૂબ ધારદારરૂપે પ્રગટ થતી જણાઇ આવે છે.'તેમનો પ્રથમ ગઝલસંગ્રહ હ્યુસ્ટનમાં છપાયો– 'લાંબા શુષ્ક માર્ગે'. અને "ભીની ભીની આંખો." 'તું વિશ્વગુર્જરી છે આજ, ગુર્જરીની વાત કર.
નવા યુગોના રંગથી નવી નવી તું ભાત કર... તેમનો યાદગાર શેર છે.

## ૬. સ્વ.નવીન બેંકર:  ૧૯૪૧ –૨૦૨૦

નવીન બેંકર એટલે એક મસ્ત મઝાના વાર્તાકાર, અહેવાલ લેખક, રંગીલા–રસીલા, નિખાલસ, સ્પષ્ટ વક્તા અને ખૂબ જ ઊર્મિશીલ માનવ. તેમની કલમ એટલે કમાલ ! અમેરિકન ફિલ્મ હોય કે ગુજરાતી નાટક, વ્યક્તિ પરિચય હોય કે હ્યુસ્ટનની કોઈપણ સંસ્થાની પ્રવૃત્તિ; તેમનું અવલોકન અને અહેવાલ આબાદ જ હોય. નાટક–સિનેમા, ફોટા, સંગીત અને લેખન તેમના મુખ્ય રસના વિષયો.
તેમના સર્જનની શરુઆત ૧૯૬૨માં વાર્તામાસિક 'ચાંદની'માં પ્રસિદ્ધ થયેલ એક 'સ્ત્રીઓ અને સરકારી નોકરી' કટાક્ષિકાથી.(૧૯૬૨) થઈ. તે પછી (૧) પરાઇડાળનું પંખી (વાર્તાસંગ્રહ), હેમવર્ષા (વાર્તાસંગ્રહ), અરમાનોની આતશબાજી, કલંકિત, રંગભીની રાતોના સમ વગેરે લઘુનવલકથાઓ પ્રગટ થઈ. તેમને હ્યુસ્ટનના ઈન્ડિયા કલ્ચર સેન્ટર દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ, કોન્સ્યુલર જનરલ ઓફ ઈન્ડિયાના શુભહસ્તે, 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ' આપવામાં આવેલો.

૭. સ્વ.અંબુભાઈ દેસાઈઃ  ૧૯૨૧ –૨૦૨૧

૧૯૮૧ની સાલથી અમેરિકામાં આવેલ શ્રી અંબુભાઈનું લેખન, નાની ઉંમરથી શરૂ થઈને મરણપર્યંત (૧૦૦ની ઉંમર સુધી) ચાલુ રહ્યું. તેઓ 'શાંતામ્બુ' તખલ્લુસથી લખતા. 'હું અને મારી કલમ'–ભાગ ૧ અને ૨ તેમનાં પુસ્તકો. લગભગ એક સદી જીવી ગયેલ અંબુભાઈ, બહોળા કુટુંબનાં મોભી થઈ કળિયુગમાં પણ સતયુગી સંયુક્ત કુટુંબ જીવન ગુજારી શ્રીજીચરણ પામ્યા.

૮. સ્વ.સુરેશ બક્ષીઃ  નવે.૨૦૨૨

મૂળ રાજપીપળાના સ્વ.સુરેશ બક્ષી ગઝલ અને મુક્તકોના રસિયા હતા. ગઝલના શહેનશાહ શ્રી શયદા સાથે પિતાની મૈત્રી અને શ્રી ગની દહીંવાલા સાથે અંગત સંબંધો. તેથી બાળપણથી જ કાવ્યો લખવાનો તથા સંગીતનો શોખ. તેમનું પ્રકાશિત પુસ્તક "પુષ્પગુચ્છ'નું સંકલન.

તેઓ કહેતા કે,"સાહિત્ય સરિતા,હ્યુસ્ટને સરખા શોખ ધરાવતા લોકોને મળવાની તક આપી."એક અકસ્માત નડતા,ખાટલાવશ થયા છતાં સ્વરચિત મુકતકો બતાવતા અને સંભળાવતા.

૯. સ્વ. શ્રી હિંમતભાઈ શાહ  ૧૯૩૬ –૨૦૨૩


**૧૯૩૬માં જન્મેલા શ્રી. હિંમતભાઈ શાહનું થોડાં વર્ષો પહેલાં અવસાન થયું. લગભગ ૧૯૫૩થી કાવ્યો, ગીત, ગઝલ પર તેમણે હાથ અજમાવ્યો હતો. ૧૯૬૦માં મુંબઈથી વાણિજ્ય સ્નાતક થયા હતા. કોલેજના હસ્તલિખિત મેગેઝીનમાં તેમનું પ્રથમ કાવ્ય 'રાહી' પ્રગટ થયેલું. તેમના કાવ્યો, ગીતો અને ગઝલનો એક સંગ્રહ 'હળવાશો ભારે ભારે' અને ઑડિયો સીડી ૨૦૦૨માં પ્રકાશિત થયો હતો. છેલ્લાં ઘણાં સમયથી તબિયતને કારણે સર્જનક્રિયા ધીમી પડી ગઈ હતી. સાહિત્ય સરિતા વિષે તેઓ ગૌરવની લાગણી અનુભવતા હતા.**

૧૦.સ્વ. શ્રી ચીમનભાઈ પટેલ  ૧૯૩૩–૨૦૨૫


જીંદગીના ૯ દાયકા વટાવી ચૂકેલ શ્રી ચીમનભાઈ, ૧૯૬૭માં વધુ અભ્યાસાર્થે હ્યુસ્ટન આવ્યા ત્યારથી હ્યુસ્ટન શહેરના રહેવાસી હતા.. સાહિત્ય સરિતા સાથે શરૂઆતથી જ જોડાયેલ પાયાના સભ્ય . તેમણે હાસ્ય લેખો, હઝલ,ગઝલ,કાવ્યો,હાઈકુ,લઘુકથા વગેરેમાં લેખનકાર્ય કર્યું હતું. તે ઉપરાંત, તેઓ રેખા ચિત્રો, ચારકોલ પેઈન્ટીંગ, ફોટોગ્રાફી, ખેતીકામ વગેરેના રસિયા અને કલાકાર પણ ખરા જ.અમેરિકાના વિવિધ સામયિકોમાં તેમના હાસ્યલેખો, કાવ્યો અને ગઝલો પ્રકાશિત થયાં છે. "ચમનકે ફૂલ" તેમની વેબસાઈટ.. સાહિત્ય સરિતા વિષે તેઓ કહેતા કે, "ઘેર બેઠાં બેઠાં, સાહિત્ય સરિતાની ગુજરાતી ગંગામાં, સહુ સભ્યો ડૂબકી મારી, ભાષા શુદ્ધિ કરી, પરદેશની ધરતી પર પ્રકાશ પાથરતા રહે એવી શુભેચ્છા."

શાંતિમય અને હળવું જીવન જીવતા ચીમનભાઈ વર્ષ ૨૦૨૫ના નવેમ્બર મહિનાની ૨૨મી તારીખે ઉંઘમાં જ ઉંઘી ગયા.

**ઉપરોક્ત ૧૦ સર્જકો ઉપરાંત, સંસ્થાના કેટલાંક કલારસિક અને સક્રિય ભાઈબહેનોએ પણ વિદાય લીધી; જેમની ઉપલબ્ધ વિગતો આ જ વિભાગમાં હવે પછીનાં પાનાંઓ ઉપર છેઃ**

૧૧. સ્વ.કાંતિભાઈ શાહઃ  ૧૯૩૪ –૨૦૧૨


સાહિત્ય સરિતાના જૂના સભ્ય શ્રી કાંતિભાઈ શાહ મુંબઈ યુનિવર્સિટિમાંથી એન્જિનિયર થયા હતા. ૧૯૭૬માં અમેરિકા આવી હ્યુસ્ટનમાં 'શેલ રિસર્ચ' અને બીજી એવી કંપનીઓમાં જોડાયા હતા. સાહિત્ય સરિતાની દરેક પ્રવૃત્તિઓમાં તેમને રસ હતો. તેઓ નિયમિત હાજરી આપતા, મદદરૂપ થઈ રહેતા અને સૌને પ્રોત્સાહિત કરતા રહેતા.

૧૨. સ્વ.અશોક પટેલઃ  નવેમ્બર ૨૦૧૭

શ્રી અશોકભાઈ એટલે નાટક અને સાહિત્યપ્રેમી વ્યક્તિ. તેઓ સ્પષ્ટ અને સીધું બોલતા વક્તા હતા. ઓશોના પણ ચાહક હતા. હ્યુસ્ટનની નાટ્યકલાવૃંદ સાથે જોડાયેલા હતા તો સાહિત્ય સરિતાના કો–ઓર્ડીનેટર તથા સલાહકાર તરીકેની સેવાઓ પણ આપી ચૂક્યા હતા. કલારસિક આ જીવ સાદું જીવન અને ઊંચા વિચારોમાં માનતા.

**૧૩. સ્વ. નીતાબહેન મહેતાઃ**  **નવેમ્બર ૨૦૧૭**

**મૂળ ભાવનગરનાં નાગર નારી ડો નીતાબહેન મહેતા અમેરિકા આવી હ્યુસ્ટનમાં એમ.ડી. એન્ડરસનમાં જોડાયેલ હતાં. નિવૃત્ત થયા બાદ ઘણી સામાજિક સંસ્થાઓ સાથે જોડાયાં હતાં. તેમની કામ કરવાની ધગશ અને આવડતથી સીનિયર સિટિઝન એસોસીએશનમાં બે વર્ષ માટે પ્રમુખ તરીકે રહ્યાં હતાં અને જીવ્યા ત્યાં સુધી ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી હતી.આ ઉપરાંત તેઓ ગુજરાતી સમાજ,વેદાંત સોસાયટી, નાગર એસોસીએશન અને સાહિત્ય સરિતાના પણ સભ્ય હતાં. સૌથી આકર્ષક હતું નીતાબહેનનું મોહક હાસ્ય.**

**૧૪. સ્વ.પ્રકાશભાઈ શાહઃ**  **ઓક્ટોબર ૨૦૨૦**

વ્યવસાયે પ્રોફેસનલ સ્ટ્રક્ચરલ (સીવીલ) એન્જીનીયર પ્રકાશભાઈ શાહ શાંત,નમ્ર છતાં શોખીન જીવ હતા. સાહિત્યપ્રેમી હતા. પત્નીના ગયા પછી જિંદગીનો ખાલીપો અનુભવતા પણ મનને હળવુ કરવા માટે ઘણી બધી સંસ્થાઓ જેવી કે ઇન્ડીઅન સીનિઅર સિટિઝન એસોસીએશન, ઇન્ડો અમેરીકન સિનિઅર્સ ગુજરાતી સાહિત્ય સરિતા ઓફ હ્યુસ્ટન, નાટ્યકલા ગ્રુપ, ડાન્સક્લબ સુગર લેન્ડ સીનિઅર્સ એસોસીએશન, સુગરલેન્ડ વિગેરે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. કોઈપણસંસ્થામાં તેમની આગેવાની નહી, પરંતુ સ્વભાવે મિતભાષી એવા પ્રકાશભાઈ હંમેશા મદદ માટે તૈયાર રહેતા.

**દિવંગત ઉપરોક્ત ૧૪ સભ્યોને શબ્દાંજલિ..**

**ૐ શાંતિ..**





# સર્જકોઃ ભાગ –૨–

# વર્તમાન સર્જકો અને કલાકારો.

 ૧. શ્રી વિજય શાહ

ગુજરાતી સાહિત્ય સરિતાનું સૌથી પ્રથમ સર્જનાત્મક રીતે ચાલક બળ એટલે  શ્રી વિજય શાહ. વિજયભાઈને લખવુ ગમે,લખાવવું ગમે અને કોઈ લખે એ ગમે. તેમણે અનેક લોકોને ગુજરાતી કીપેડ પર ગુજરાતી લખતા કર્યા છે. સતત અને અવિરત કાર્યરત તેમણે, દરેક પ્રકારોમાં કલમ કવાયતો કરી છે. એમેઝોન , બૂક ગંગા અને ઈશબ્દ ઉપર તેમનું સાહિત્ય મૂકાયુ છે. ૧૯૭૭માં પહેલો કાવ્ય સંગ્રહ 'હું એટલે તમે'. તે પછી તેમણે ૪ કાવ્ય સંગ્રહો, ૫ નવલકથા, ૫ હેતૂલક્ષી ભેટ આપવા લાયક પુસ્તકો અને ૫૦ જેટલા સહિયારા સર્જનો  કર્યા. તે ઉપરાંત 'બૂકપબ' થકી, ૨૦૧૬માં અન્ય ત્રણ સર્જકો સાથે મળી ૧૨૦૦૦ કરતા વધુ પાનાનું વિશ્વનું સૌથી જાડું પુસ્તક 'સંવર્ધન માતૃભાષાનું' સંપાદિત કર્યું. હાલ તેઓ નાદુરસ્ત તબિયતને કારણે ભારત સ્થાયી થયા છે.

 ૨. શ્રી વિશ્વદીપ બારડ

મૂળ ભાવનગરના વતની શ્રી વિશ્વદીપ બારડ, ૧૯૭૫થી અમેરિકામાં સ્થાયી થયેલ છે. હ્યુસ્ટન સ્કૂલ ડિસ્ટ્રીકટમાં ૨૫ વર્ષની સર્વિસ બાદ નિવૃત થયા. કવિતા સાથે તેમનો ખૂબ લગાવ. સાહિત્ય સરિતાની સ્થાપનાનાં વર્ષથી જોડાયેલ છે.  "કાવ્યસુંદરીની સાથે સાથે" એ તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ. તે ઉપરાંત તેમની ઘણી લઘુકથાઓ, લેખો, કવિતાઓ જુદાજુદા સામયિકોમાં પ્રકાશિત થઈ છે. હાલ તેમનું ભ્રમણ ભારત અને હ્યુસ્ટન વચ્ચે નિયમિત રીતે ચાલી રહ્યું છે. તેઓ જણાવે છે કે, "હ્યુસ્ટ્ન ગુજરાતી સાહિત્ય સરિતામાં ૨૦૦૨થી સંપર્કમાં આવ્યા બાદ દોડ્યાને ઢાળ મળે એજ રાહે સાહિત્યની પ્રવૃત્તિને વેગ મળ્યો, મોકળાશ મળી."

 ૩. શ્રી મનોજ મહેતા,–તખલ્લુસ – ‘મનુજ’ હ્યુસ્તોનવી.

ઐતિહાસિક નગરી– દર્ભાવતી (ડભોઇ)માં જન્મેલ અને સાંસ્કૃતિક નગર વડોદરામાં શિક્ષણ મેળવી, મનોજભાઈ ૧૯૮૩ થી –હ્યુસ્ટનમાં સ્થાયી થયેલ છે. મનોજભાઈ સર્જક,ગાયક અને સ્વરકાર પણ છે.. સાહિત્ય, સંગીત,નાટક અને ક્રિકેટનાં પણ શોખીન ખરા. .
'મનકલ્પ' ગુજરાતી ગઝલ સંગ્રહ તેમનું પ્રથમ પુસ્તક. તે પછી સહિયારું સર્જનમાં લેખનકાર્ય કર્યું છે.
www.mamehta.gujaratisahityasarita.org તેમની વેબસાઈટ છે
૧૯૮૮ થી હ્યુસ્ટનની વિવિધ નાટ્યસંસ્થાઓના નેજા હેઠળ નાટકોમાં ભાગ લીધો છે. તેમાં સંગીત સંયોજન પણ કર્યું છે.– સાહિત્ય સરિતા વિષે તેઓ જણાવે છે કે,"હ્યુસ્ટન સહિત્ય સરિતા એટલે એક એવું સમાધિ સ્થાન જ્યાં વાસ કરો તો લેખન, વાંચન, વિવેચન કે અધ્યયનમાં ધ્યાન લાગી જાય. શરૂઆતમાં છબછબિયાં કરીને હવે તરવાની હામ જો કેળવી હોય તો તેનું શ્રેય જાય છે સાહિત્ય સરિતાને ફાળે. સાહિત્ય સરિતા મારા જેવા સેંકડો સર્જકોને જીવનમાં કંઇક કરી જવાની ખ્વાહિશ બક્ષે છે."

 ૪. વિશાલ મોનપરા

ગુજરાતી કીબોર્ડનો યુવાન સંશોધક શ્રી વિશાલ મોનપરા. વિશ્વનો નેટ પર કામ કરતો મોટો ગુજરાતી સમુદાય, તેમને કૃતજ્ઞતા અને અહોભાવથી જાણે જ છે. તેમના સર્જનની શરુઆત નાનપણથી જ થઈ હતી. વિશાલનું પ્રથમ પુસ્તક ‘દિલથી દિલ સુધી’.વિદેશની ધરતી પર શ્વાસ લેતો અને કશાય પાશ્ચાત્ય રંગમાં રંગાયા વગર જીવન જીવતો એક ભારતીય યુવાન, અંગ્રેજી કીબોર્ડ પર ગુજરાતી ભાષા કેવી રીતે લખી શકાય તે શોધે, શીખવાડે અને પોતાની કલમ પણ કેળવતો જાય તે ખરેખર પ્રશંસનીય અને ગૌરવની વાત છે. વર્ષ ૨૦૦૨માં https://gujaratisahityasarita.org/નામે સંસ્થાની વેબસાઈટ પણ તેમણે જ ખોલી આપી હતી. આજ સુધી જરૂરિયાત સમયે તેઓ માર્ગદર્શન આપતા રહે છે. સાહિત્ય સરિતા વિષે તેઓ ગૌરવ અનુભવે છે. https://www.vishalon.net/તેમની પોતાની વેબસાઈટ છે.

 પ.શ્રીમતી સરયૂ મહેતા –પરીખ

જન્મથી જ સાહિત્યના વાતાવરણમાં રહેલાં સરયૂબહેને ૨૦૦૭થી સાહિત્ય સરિતા સાથે લખવાની શરૂઆત કરી. મૂળ ભાવનગરના પણ ૬થી ૭ દાયકાથી અમેરિકામાં સ્થાયી થઈ, સાહિત્ય, સંગીત અને અધ્યાત્મિક અભ્યાસમાં સતત પ્રવૃત્ત રહ્યાં છે. તેમનાં પ્રકાશિત પૂસ્તકોમાં "નીતરતી સાંજ **Essence of Eve**" કાવ્યો અને સત્યકથાઓ ગુજરાતી અને અંગ્રેજીમાં–ચિત્રકાર પતિ દિલીપના ચિત્ર સહિત., "આંસુમાં સ્મિત– **Smile in Tears**" –સત્યકથાઓ અને તેને અનુસરતી કવિતાઓ, ગુજરાતી અને અંગ્રેજીમાં,"**Moist Petals**" **a poetic novel in English.**' સહિયારુ સર્જન'માં પણ પ્રકરણો લખ્યાં છે. હાલ ઑસ્ટીનમાં રહે છે અને ગુજરાતી તથા અંગ્રેજી બંને ભાષાઓમાં લેખન કાર્ય કરી રહ્યાં છે. https://saryu.wordpress.com. તેમની વેબસાઈટ છે.

 ૬. પ્રવીણા અવિનાશ કડકિઆ

મુંબઈમાં જન્મેલાં અને ૫૦થી વધુ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલાં પ્રવીણાબહેનનાં સર્જનની શરૂઆત થઈ ૧૯૯૫થી. 'અંતરનો અવાજ' તેમનું પ્રથમ પુસ્તક. તે પછી ૬ જેટલાં પુસ્તકો ઉપરાંત 'સહિયારા સર્જનના' નેજા હેઠળ ૪૦થી વધુ પુસ્તકોમાં પ્રકરણ લખ્યાં છે. તેમણે લખેલાં ભજનોની સીડી પણ પ્રકાશિત થઈ છે. યોગ જેવી ઈતર પ્રવૃત્તિ તથા સાહિત્યને શરણે આ જીવન સહજ રીતે પસાર થાય એવી મનોકામના ધરાવે છે. https://pravinash.wordpress.com/ તેમની વેબસાઈટ છે. સાહિત્ય સરિતા સાથે ઘણાં વર્ષોથી જોડાયેલાં છે. તેઓ જણાવે છે કે, અગણિત સાહિત્ય પ્રેમીઓ સાથે ઘરોબો કેળવવામાં મુખ્ય ભાગ ગુજરાતી સાહિત્ય સરિતાનો છે, એ કહેતાં ગર્વની લાગણી અનુભવું છું. "

 ૭.. શૈલા મુન્શા

સ્મિતવદના શૈલાબહેન મૂળે મુંબઈગરા. તેમને બાળપણથી વાંચનને શોખ અને વ્યવસાયે શિક્ષિકા. તેથી સાહિત્ય સાથે હંમેશનો સંબંધ રહ્યો છે. સાહિત્યનો લગાવ અને વાંચન સતત ચાલુ. પણ લખવાની શરૂઆત થઈ અમેરિકા આવ્યા પછી. "બાળ ગગન વિહાર" તેમનું પહેલું પ્રકાશિત પુસ્તક. તેમાં દિવ્યાંગ બાળકો સાથેના તેમના અનુભવો, હળવા લેખો, રોજીંદા પ્રસંગો રૂપે લખાયા છે. વાર્તા, કવિતા, ગઝલ, સહિયારા સર્જનની નવલકથામા પ્રકરણ વગેરે ક્ષેત્રે તેમણે કલમ અજમાવી છે. વિવિધ સામયિકોમાં તેમની વાર્તા અને કવિતા પ્રકાશિત થઈ છે. હાલ સંજોગવશાત, ૨૦૨૩થી તેઓ વડોદરામાં સ્થાયી થયા છે. https://smunshaw.wordpress.com/ તેમની વેબસાઈટ છે.
સાહિત્ય સરિતા વિષે તેઓ જણાવે છે કે ,"ગુજરાતી સાહિત્ય સરિતા અને તેના સક્રિય સભ્યોના પ્રોત્સાહને, લેખન શોખને કલમ દ્વારા લોકો સુધી પહોંચાડવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે, એ માટે હું સાહિત્ય સરિતાની ઋણી છું."

 ૮. ડૉ.કમલેશ લુલ્લા

હ્યુસ્ટનના નાસા સેન્ટરમાં **chief scientist** તરીકે પ્રવૃત્ત ડો. કમલેશ લુલ્લા એક વૈજ્ઞાનિક છે અને હૃદય કવિનું છે. ગુજરાત તેમના રોમરોમમાં વસે છે. અમેરિકાને કર્મભૂમિ,ભારતને માતૃભૂમિ અને ગુજરાતને જન્મભૂમિ માને છે. તેમના જીવનમાં પ્રીતમની કવિતાની ઊંડી અસર છે. ડો. લુલ્લા અત્યાર સુધીમા ૨૦૦ થી વધારે **Research Publication** અને ૮ પુસ્તકોનુ સંપાદન કરી ચૂક્યા છે અને તેમનુ છેલ્લું પુસ્તક "**Wings on Orbit**" જેમા **NASA** ની છેલ્લા ત્રીસ વર્ષની **Space Shuttle History** નો નીચોડ છે તે ૨૦૧૧ મા પ્રસિદ્ધ થયું છે. એ પુસ્તકને એક અમૂલ્ય ખજાના રૂપે વ્હાઈટ હાઉસની લાઈબ્રેરીમા મુકવામા આવ્યું છે. ભારત સરકારે ૨૦૧૫ મા "**Most Prestigious NRI Pravasi Bharatiya Award and Medal**" થી ડો. કમલેશ લુલ્લા ને નવાજ્યા છે. સાહિત્ય સરિતા માટે તેમને ગૌરવ છે તો સંસ્થાને તેમને માટે ગર્વ છે.

 ૯. દેવિકા રાહુલ ધ્રુવ

સંસ્કૃત અને ગુજરાતી વિષયમાં ગુજરાત યુનિ.ના ગોલ્ડમેડલ–વિજેતા દેવિકાબહેનને કવિતા વિષે નાનપણથી પ્રીત. ૧૯૬૮માં કાવ્યપઠન સ્પર્ધામાં શ્રી ઉમાશંકર જોશીના હસ્તે ઈનામ વિજેતા પણ થયાં હતાં. છેલ્લાં ૪૫ વર્ષથી અમેરિકામાં સ્થાયી છે. 'શબ્દોને પાલવડે' તેમનું પ્રથમ પુસ્તક.તેમાં પ્રયોગશીલ પદ્યરચનાઓ જેમાં 'શબ્દારંભે અક્ષર એક'માં દરેક શબ્દનો પહેલો અક્ષર એકસરખો. તે પછી તો ગદ્ય અને પદ્ય બંનેમાં કામ કરી તેમનાં ૧૪ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમનાં બે પુસ્તકોના અંગ્રેજીમાં અનુવાદ પણ થયા છે. વિવિધ સામયિકોમાં કવિતાઓ પ્રકાશિત થવા ઉપરાંત કાવ્યપઠન અને વક્તવ્ય માટે તથા સૂત્રધાર તરીકે આમંત્રિત થયેલ છે.હાલ 'વેબગુર્જરી' અને હ્યુસ્ટનના 'દર્પણ'ની સાહિત્ય સમિતિના સંપાદન કાર્યમાં પ્રવૃત્ત છે. તે ઉપરાંત, http://devikadhruva.wordpress.com/ અને http://devikadhruva.gujaratisahityasarita.org/માં સતત પ્રવૃત્ત છે.તેમને મન સાહિત્ય સરિતા એટલે "સર્જન–પ્રક્રિયાનો મંચ, સર્જનનું ચાલક બળ અને સર્જન માટે ગતિવર્ધક સ્થાન. હૃદય હંમેશ ઋણી."


 ૧૦. ડો.ઈન્દુબહેન શાહ

કરાંચીમાં જન્મેલાં ઇન્દુબહેનને નાનપણથી ગુજરાતી લખવા,વાંચવાનો શોખ. શાળા,અને મહાવિદ્યાલયમાં અભ્યાસ સાથે સાથે ગુજરાતી પ્રવૃતિમાં સક્રિય ભાગ લેતાં, સાંસ્કૃતિક કાર્યક્રમ, નાટક, રાસ , ગરબા, વકૃત્વ સ્પર્ધા વગેરેમાં પણ ભાગ લેતાં હતાં. વ્યવસાય અને સાંસારિક જવાબદારીઓમાં વ્યસ્ત રહેવાથી થોડા વર્ષ ગુજરાતી લેખન કાર્ય સ્થગિત થયું.પણ હ્યુસ્ટનમાં આવ્યા પછી ગુજરાતી સાહિત્ય સરિતામાં જોડાયા બાદ,લખવાની પ્રેરણા મળી, ફરી લખવાનું શરું થયું. ૨૦૧૦માં બ્લોગ "શબ્દ સુધા", ૨૦૧૧માં "શબ્દ સથવારે"ની શરૂઆત કરી. તેમનું પ્રથમ પુસ્તક 'ભાસ–આભાસ' અને બીજું "આનંદમયી બા" વાર્તા સંગ્રહ. ઈન્દુબહેને 'સહિયારું સર્જન'માં પ્રકરણો પણ લખ્યાં છે. સાહિત્ય સરિતા વિષે તેઓ જણાવે છે કે,"આ બધાનો યશ ગુજરાતી સાહિત્ય સરિતાને આપીશ. આપણે સૌ તેને વહેતી રાખીએ અને શુદ્ધ, નિર્મળ સાહિત્યનું રસપાન કરતા રહીએ."



૧૧.શ્રી ફતેહઅલી ચતુર

ઘણાં વર્ષોથી હ્યુસ્ટનમાં સ્થાયી થયેલ ફતેહઅલી ચતુર ગુજરાતી અને હિન્દી સાહિત્યમાં રસ ધરાવે છે. નાટ્ય–લેખન ,દિગ્દર્શન,અભિનય અને હિન્દી કવિતાઓની રજૂઆત એ તેમના પ્રિય વિષયો છે અને સબળ જમા પાસું છે. તેમણે લખેલ અને દિગ્દર્શન કરેલ નાટક 'અનોખી મહેફિલ' એક સફળ નાટક તરીકે પૂરવાર થયેલ છે. શેર અંતાક્ષરી તથા ગુજરાતી/ હિન્દી કવિતાઓનું મંચ સંચાલન પણ કરે છે. સાહિત્ય સરિતા વિષે તેમનું કહેવું છે કે, તેમને સાહિત્ય સરિતા થકી મંચ મળ્યું અને લખવાની સરૂઆત થઈ.



૧૨.હેમા પટેલ

ડાકોરની ભવન્સ કૉલેજમાંથી સ્નાતક થયેલ હેમા પટેલને નાનપણથી જ વાંચનનો ઘણો શોખ હોવાથી સાહિત્ય પ્રિય છે. ગુજરાતી હોવાનો ઘણોજ ગર્વ છે. ગુજરાતી સાહિત્ય સરિતામાં ૨૦૦૯ માં જોડાયા પછી બે બ્લોગ બનાવીને સર્જનની શરૂઆત કરી. **hemapatel.wordpress.com** (વિચાર ધારા) અને **hemapatel.gujratisahityasarita.org** તેમનું પ્રથમ પુસ્તક પૂસ્તક ' વિરાંગના સરોજ શ્રોફ' –તે પછી બીજાં બે પુસ્તકોઃ 'મનોમંથન', અલકનંદા. સાહિત્ય સરિતા વિષે તેઓ જણાવે છે કે, "ગુજરાતી સાહિત્ય સરિતાએ મને લખવા માટે પ્લેટફોર્મ આપ્યુ તેને માટે હું આભારી છું". ગુજરાતી સાહિત્ય સરિતા માટે અનેક શુભકામના." હાલ તેઓ લેખન–કાર્ય, સંગીત, ઈશ્વર–ચિંતન, એમ નિવૃત્તિની પ્રવૃત્તિનો આનંદ માણી રહ્યાં છે.

 ૧૩. પ્રદીપ બ્રહ્મભટ્ટ

મૂળ નડિયાદના અને ૧૯૯૫થી અમેરિકામાં સ્થાયી થયેલા પ્રદીપભાઈ બ્રહ્મભટ્ટ એટલે જલારામના પરમ ભક્ત. તેમના સર્જનની શરુઆત ૧૯૭૧ના મે માસમાં નડિયાદના સંત પૂજ્ય મોટાના આશ્રમમાં તેમની કૃપાથી સર્વ પ્રથમ રચના કરી. 'દીપના અંધારે' એ તેમની ભક્તિ–રચનાઓનું પ્રથમ પુસ્તક.

તે પછી પદ્યરચનાઓ લખવાનું ચાલતું રહ્યું.

સાહિત્ય સરિતા વિષે તેઓ જણાવે છે કે, "ગુજરાતી સાહિત્ય સરિતાના સાથથી મને ઘણું જ પ્રોત્સાહન મળ્યું. આજે જે કાંઇ છું તે સેવાભાવી અને પ્રેમાળ માણસોના સહકારથી જ છું. મને પ્રેરણા આપનાર સંસ્થાના વાચકો જ છે.

 ૧૪. રમઝાન વિરાણી

૧૯૪૯માં મુંબઈમાં જન્મેલ શ્રી રમઝાન વિરાણીએ વિજ્ઞાનની શાખામાં ભારત અને અમેરિકામાં  અભ્યાસ કરી કુલ ત્રણ ડીગ્રી મેળવેલ છે. તેમના સર્જનની શરૂઆત બહેન દોલતબહેન વિરાણીના પ્રોત્સાહન અને પ્રેરણાથી ૧૯૬૦માં થઈ. તેમનું પ્રકાશિત પુસ્તક છે 'આશાદીપ'નામે કાવ્યસંગ્રહ.

સાહિત્ય સરિતા વિષે તેઓ જણાવે છે કે, "સાહિત્ય સરિતા અભિવ્યક્તિનું અતિ ઉત્તમ માધ્યમ છે જેના પ્રત્યે હું હંમેશા ઋણી છું."


૧૫. શ્રી વિનોદ પટેલ

સંસ્થાની સ્થાપનાથી આજ સુધી સક્રિય સભ્ય તરીકે રહેલ શ્રી વિનોદ પટેલ એક અચ્છા ચિત્રકાર છે.
બાળપણથી જ પીંછી અને પેન્સિલ તેમને હસ્તગત થઈ છે. જુદા જુદા દેશો અને શહેરોમાં તેમનાં ચિત્રોને પ્રદર્શન અને શોમાં લેવામાં આવ્યાં છે. સાહિત્ય સરિતા માટે તેઓ કહે છે કે, ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે આ એક સરસ મંચ છે અને તેની વેબસાઈટ એક સબળ અંગ છે.

આ ઉપરાંત, સંસ્થાના પાયાના સભ્યોમાંના એક શ્રી કિરીટ ભક્તાએ સહિયારા સર્જનમાં ત્રણથી ચાર નવલકથાઓમાં પ્રકરણો લખ્યાં છે.શ્રી નીતિન વ્યાસ 'બંદિશ એક,રૂપ અનેક' નામે લેખન કાર્ય કરે છે. ચારુબહેન વ્યાસે વાર્તાઓ લખી છે. શ્રી નૂરુદ્દીન દરેડિયા મનગમતી કૃતિઓનું સંકલન કરી વિનામૂલ્યે,નિસ્વાર્થભાવે એક સામયિક બનાવી સૌને વહેંચતા આવ્યા છે. ૨૦૨૦ના કોવિડકાળ દરમ્યાન સાહિત્ય સરિતાના કેટલાક સભ્યોએ સર્જનની શરૂઆત કરી અને 'સ્મૃતિસંપદા' પુસ્તકમાં પોતાના અનુભવોનાં પ્રકરણો લખ્યાં. તેમના નામો છે શ્રી અરવિંદ થેકડી અને મનસુખ વાઘેલા. શ્રી જનાર્દન શાસ્ત્રી પણ પોતે પદ્યમાં રચના કરે છે અને દર બેઠકમાં નાની કૃતિઓ રજૂ કરતા રહે છે જે ઉલ્લેખનીય છે. શ્રી મુકુંદ ગાંધી અને શ્રી રસેશ દલાલ નાટ્યક્ષેત્રમાં કુશળ હોવાથી 'કલાકુંજ' નામે સંસ્થા શરૂ કરી હાલ તેમાં સક્રિય છે.

સાહિત્ય સરિતા સાથે જોડાયેલ તમામ સભ્યો સાહિત્યરસિકો છે. તેથી ક્યારેક પોતાના વાંચનમાંથી ગમેલું કશુંક સૌની સમક્ષ સૌ કોઈ રજૂ કરે છે. તો સંસ્થાના જૂના અને નવા કેટલાક સભ્યો એવા છે જે પોતે લેખન કરતા ન હોય પણ બીજી કોઈ રીતે પોતાની કલા વ્યક્ત કરે છે. જેમ કે,વકતૃત્વકલા,નાટ્યકલા,નૃત્યકલા,ફોટોગ્રાફી,સજાવટ,ચિત્રકલા વગેરે વિવિધ કલાઓને સુંદર રીતે સંસ્થાના મંચ પર રજૂ કરતા રહે છે. બીજી એક વિશેષતા એ છે કે, સાહિત્ય સરિતામાં કોઈ ઈલેક્શન કે સિલેક્શન જેવું કંઈ જ નથી. પરંતુ દર બે વર્ષે, રસપૂર્વક સ્વેચ્છાએ આગળ આવી, કોઈપણ સભ્ય વહીવટી કામ માટે જવાબદારી લઈ શકે છે. એટલે કે, સંસ્થા કોઈ એકની ન બની રહેતાં સૌને વિકસવાની તકો પૂરી પાડે છે, અને એ રીતે, જુદા જુદા પ્રકારે સૌ કોઈ પોતાનો ફાળો નોંધાવે છે.

# સંસ્થાના સર્જકો



# પ્રકરણ –૬
# સંસ્થાના સહાયકો

આમ તો બધાં જ સભ્યો પોતપોતાની રીતે સહાયકો રહ્યા છે પણ નીચેના સભ્યોની વિશેષ નોંધ લેતાં ખૂબ આનંદ, ગૌરવ અને આભાર.

વેબ–સાઈટ સંચાલનઃ વિશાલ મોણપરા

તસ્વીરકારઃ શ્રી જયંત પટેલ.

બેનર અને ફ્લાયર બનાવવાના કલામય કામ માટે શ્રીમતી અવની મહેતા.

અહેવાલોઃ  સ્વ. નવીન બેંકર, દેવિકા ધ્રુવ, શૈલા મુન્શા, પ્રવીણા કડકિયા, વિશ્વદીપ બારડ, રિદ્ધિ દેસાઇ, ડો.ઈન્દુબહેન શાહ, નરેન્દ્ર વેદ, નીતિન વ્યાસ,શ્વેતા શ્રોફ વગેરે.

આર્થિક સહાયઃ શ્રી હસમુખ દોશી, ઈના પટેલ,  ડો.કોકિલા પરીખ, શ્રી બરકત ચારણિયા, ડો.રમેશ શાહ, ડો.કમલેશ લુલ્લા, ડૉ કીરીટ દેસાઇ, ડો. ઈન્દુ શાહ, રિદ્ધિ દેસાઈ,  શ્રી રાહુલ ધ્રુવ, દીપક ભટ્ટ, મનસુખ વાઘેલા,ચીમન પટેલ,મનોજ મહેતા,ભાવના દેસાઈ, ડો. મીનાબહેન પારેખ, કિરીટ ભક્તા.

વ્યવસ્થાપનઃ નિખિલ મહેતા, નરેન્દ્ર વેદ, રિદ્ધિ દેસાઈ, અવની મહેતા, જ્યોત્સ્ના વૈદ, ભારતી મજમુદાર, દેવિકા ધ્રુવ, દીપક ભટ્ટ, નિતીન વ્યાસ, ફતેહઅલી ચતુર, સતીશ પરીખ, જ્યોતિબહેન વ્યાસ, ધવલ મહેતા.

રેડિયો પ્રસારણઃ સાહિત્યના  દરેક કાર્યક્રમો માટે રેડિયો પર પ્રસારણ કરનારઃ ઈના પટેલ

દરેક બેઠકમાં અલ્પાહાર/ભોજન પીરસવાના કાર્યમાં હંમેશા સહાયક તરીકેઃ ગીતા ભટ્ટ, મંજુલાબહેન થેકડી, શૈલા મુન્શા, અવની મહેતા, મંજુલા પટેલ, ધ્રુતિ મહેતા,દિનેશભાઈ અને માયાબહેન પટેલ.

‘ગુજરાત ગૌરવ’/જીવનપ્રકાશ વિના મૂલ્યે સૌને વહેંચવાની સતત નિસ્વાર્થ સેવા આપનાર શ્રી નુરુદ્દીન દરેડિયા.

‘ગુજરાતી સાહિત્ય સરિતા’નાં પ્રસારણ કાર્ય માટે શ્રી વિજય શાહ અને વિશ્વદીપ બારડ.

કાવ્યસર્જન માટે ઈમેઈલ દ્વારા વર્કશોપ સમુ કાર્ય કરી સર્જકોને પ્રેરિત કરવા માટે ઉત્સાહી શ્રી ચીમન પટેલ, વિજય શાહ અને દેવિકા ધ્રુવ.

‘દશાબ્દિ મહોત્સવ’નું ભગીરથ કાર્ય ૨૦૧૧માં કુશળતાથી કરવા માટે શ્રી રસેશ  દલાલ, દેવિકા ધ્રુવ, વિજય શાહ

સંગીત કાર્યક્રમોમાં વાજિંત્ર અને માઈક વ્યવસ્થા માટે શ્રી પ્રકાશ મજમુદાર,મનોજ મહેતા,હેમંત ભાવસાર,જ્યોતિભાઈ દેસાઈ,અશોકભાઈ અને કોકિલાબહેન ભાવસાર,અરવિંદભાઈ પટેલ વગેરે.

સંસ્થાના હિસાબો વ્યવસ્થિત રાખનાર શ્રી હેમંત ગજરાવાલા, પ્રશાંત મુનશા, પ્રફુલ ગાંધી, નરેન્દ્ર વેદ,સતીશ પરીખ.

પ્રથમ પંદર વર્ષ, દર મહિનાની બેઠક માટે પોતાના આવાસમાં નિમંત્રિત કરનાર સૌ સભ્યો.

આ પુસ્તક માટે જરૂરી માહિતી પૂરી પાડનાર સૌ સભ્યો,  સંસ્થાની વેબસાઈટ, સવિશેષે સંસ્થાની સ્થાપના અને સતત માર્ગદર્શન માટે શ્રી દીપક ભટ્ટ, પરિચય અને ઉપસંહાર વિભાગ માટે સંકલન,લેખન અને ટાઈપીંગના કામ માટે દેવિકા ધ્રુવ.

# ઉપસંહારઃ

તો આ છે હ્યુસ્ટનના આંગણે ઉગેલો ગુજરાતી ભાષાનો તુલસીક્યારો; જેમાં રોજ અવનવા હસ્તે અક્ષર–જળનું સિંચન થયા કરે છે, વિવિધ વિચાર–કિરણોના તેજ પથરાયાં કરે છે અને ભાવકોની શીતળ હવા ભળ્યા કરે છે. એ રીતે માતૃભાષાનો છોડ લીલોછમ રાખવા પ્રયાસો થાય છે. છેલ્લાં ૨૫ વર્ષના ઈતિહાસ પર અને **www.gujaratisahityasarita.org.** પર વિહંગાવલોકન કરશો તો જણાશે કે, એમાં સતત પ્રવૃત્તિઓ છે, ક્રમેક્રમે પ્રગતિ છે, છલછલ છલકાતી સરસ્વતીની સમૃદ્ધિ છે અને હર કલાની સિદ્ધિ છે. આ એક એવો મંચ છે જેમાં સર્જક હોય કે ભાવક સૌને માટે અવકાશ છે.

માતૃભાષાની કટોકટી નવી નથી, વર્ષોથી ચર્ચિત થતી આવી છે પણ નેટનાં નવાંનવાં માધ્યમો થકી યુવાન–વર્ગને ઉત્સાહિત થતાં જોઈને આંખ ઠરે છે અને આશા જન્મે છે. એક એવો પણ સમય આવશે જ્યારે અન્ય વિદેશી ભાષાઓની જેમ ગુજરાતી ભાષા જાણવા, શીખવા, ટકાવવાની ટહેલ સંભળાશે.

સાહિત્ય–સરિતાના આ મંચ પરથી ઘણાંને ઘણું મળ્યું છે.વાંચન, લેખન અને રજૂઆતનો આયાસ, પ્રયાસ અને રિયાઝ સહિયારો થતો રહ્યો છે, લેખન–સાધના દ્વારા શબ્દપૂજા થતી રહી છે. પરિણામે ભીતરમાં સાહિત્યનું એક વિશ્વ ઉઘડતું રહ્યું છે. સંસ્થાના સૌ સભ્યોને કંઈ કેટલાંયે સર્જક અને ભાવક મિત્રો મળ્યા છે. ટૂંકમાં કહેવું હોય તો, સરિતામાં સહેલ કરવા માટે શબ્દોની નાવ અને અક્ષરનાં હલેસાં મળ્યાં છે; જાણે કે પંખીની પાંખને વિહરવા માટે અહીં આકાશ મળ્યું છે. આ સરિતા સુંદર અને સ્વચ્છ રીતે સતત વહેતી રહે એ જ અંતરથી શુભેચ્છા.

સૌ સભ્યોને વંદન.

**सरस्वत्यै नमो नित्यं भद्रकाल्यै नमो नमः**

અસ્તુ

- દેવિકા રાહુલ ધ્રુવ